
કલા, કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતું માસિક • 10, September 2026 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ



**સમાજ માટે જમીન લીધી દસ્તાવેજ થયો ૨,૪૮,૪૦,૦૦૦નો : સમાજને વેચી સાટાખત કર્યું ૪ કરોડનું !!!**

## વિન્ટેજ કેમેરાના સંગ્રાહક : શાંતિભાઇ ગજજર



શ્રી રવિકુમાર ભારદીયાની સ્મૃતિમાં ૫ આદર્શ લગ્ન માટે અનુદાન જાહેર કરતા શ્રી અમુભાઇ ભારદીયા



મુંબઇ વિશ્વકર્મા બાગ ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

# સુજોક એક્યુપ્રેશર દ્વારા
# અસાધ્ય રોગોની સારવાર

સુજોક એક્યુપ્રેશર પદ્ધતિમાં કોઈપણ જાતની દવા લેવાની જરૂર પડતી નથી. માત્ર હાથના પંજામાં એક્યુપ્રેશર પોઈન્ટ ઉપર પ્રેશર આપીને તેમજ મેથીના દાણા–મેગ્નેટ અથવા રંગ દ્વારા દર્દીને સારવાર આપી શકાય છે. આ સારવાર કોઈપણ જાતની દવા ચાલતી હોય તો પણ કરી શકાય છે. જેમ જેમ સારૂ લાગે તેમ તેમ દવા ઓછી કરી શકાય છે. મેથીના દાણાં–મેગ્નેટ અથવા રંગ દિવસમાં એક વખત જ લગાડવાનો હોય છે.


**આ પદ્ધતિથી...**

- હાઇ-બી.પી. • લો-બી.પી. • કોલેરેસ્ટ્રોલ
- એનિમિયા • માનસિક બિમારી • ડાયાબીટીસ
- એલર્જીક દર્દી • માસિક ધર્મને લગતી તકલીફ
- સાયટીકા • સર્વાઇકલ • કમર, પીઠ, ખંભાના દર્દો
- નાના બાળકોને પથારીમાં પેશાબ થવો • માઇગ્રેન
- ગોઠણનો દુ:ખાવો • હરસ-મસા • સંધીવા
- ખોડો • ખીલ • ચશ્માના નંબર ઉતારવા
- કિડનીને લગતા દર્દો • ઉંઘ ન આવવી
- હાઇટ વધારવી • વજન ઘટાડવું

લગતા કોઈપણ પ્રોબ્લેમ અને
ગંભીર બીમારી જેવા કે...

- હૃદયના દર્દો • આર્ટરી બ્લોકેજ
- લકવા(પેરાલીસીસ)

વગેરે દર્દોની સારવાર ઓછા ખર્ચે થઇ શકે.




**અમદાવાદ**

**વિશાખા વિશાલ ગજ્જર**
(સુજોક થેરાપીસ્ટ)
**મો. ૯૯૭૯૮ ૭૧૨૮૪**

આરોગ્યમ્
alternate healing clinic


૪૩, રામવાડી સોસાયટી,
શાંતારામ હોલની સામે,
નિર્ણયનગર, અમદાવાદ.

**જામનગર**

**મેઘા ભાવિન પંચાસરા**
(સુજોક થેરાપીસ્ટ)
**મો. ૯૪૨૬૯ ૯૫૦૮૫**


ફોન પર એપોઈન્ટમેન્ટ લઈને આવવું.

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-15, Issue No.08
Date : 10-09-2026

Page : 32
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Mo. 90999 49565

**Editor-Publisher-Owner & Printer:** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# સમાજ માટે જમીન લીધી દસ્તાવેજ થયો ૨,૪૮,૪૦,૦૦૦નો : સમાજને વેચી સાટાખત કર્યું ૪ કરોડનું !!!




ગુર્જર સુતાર જ્ઞાતિના ટ્રસ્ટી, કેળવણી મંડળના ટ્રસ્ટી, કારોબારી સદસ્ય વગેરે આઠ ખેડુત ખાતેદારોએ ખોખડદળ ગામના સ્મશાનની સામેના ભાગમાં સર્વે નં. ૨૬૩/૧ પૈકીની એક એકર ૧૬ ગુંઠા જમીન (૫૬૬૬ ચો.મી.) ખરીદી હતી. મુકતાબેન પ્રેમજી મોલીયા, અશ્વિન પ્રેમજી મોલીયા અને લાલજી અશ્વિનભાઇ મોલીયા પાસેથી ખરીદવામાં આવેલ ખેતીની જમીનનો દસ્તાવેજ (નં. ૨૦૭૨) તા. ૨૦/૩/૨૬ના રોજ કરવામાં આવ્યો હતો. દસ્તાવેજ પ્રમાણે જમીન ૨ કરોડ ૪૮ લાખ અને ૪૦.૦૦૦માં ખરીદવામાં આવી છે. ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા કેળવણી મંડળ ખાતે જમીન ખરીદવા અંગે આમંત્રીત જ્ઞાતિજનોની બોલાવાયેલ મિટીંગમાં ખોખડદળ વાળી જમીનની કિંમત ૭ કરોડ અને બિનખેતી અને દસ્તાવેજ અને અન્ય ખર્ચ ૧ કરોડ ગણી ૮ કરોડમાં જમીન ખરીદવાની વાત ટ્રસ્ટીએ કરી હતી. (વિશ્વકર્મા વિશ્વ - ડીસે.૨૦૨૫). ત્યારબાદ ખોખળદડ વાળી આ જમીન આઠ ખાતેદારો દ્વારા ૨૦/૩/૨૬ના રોજ ખરીદવામાં આવ્યા બાદ આ જમીન બિન ખેતી થાય તે પહેલા જમીન ખરીદનારા આઠ ખાતેદારો પૈકીના એક ખાતેદારે એટલે કે આશીતભાઇ વિનયભાઇ તલસાણીયાએ પોતાના ભાગની જમીનનો ૧૨.૫ ટકા હિસ્સો આજ જમીનમાં ૧૨.૫ ટકા હિસ્સો ધરાવતા કિશોરભાઇ રવજીભાઇ બોરાણીયાને એકત્રીસ લાખ ૫ હજારમાં વેંચી દીધો. કિશોરભાઇ બોરાણીયાએ આશીતભાઇ વિનયભાઇ તલસાણીયા પાસેથી જમીનનો ૧૨.૫

... ૨ ...

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અને ડીઝાઇનનો જે તે પાર્ટીની પરવાનગી લીધા વગર-અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

હિસ્સો ખરીદતા કિશોરભાઇ બોરાણીયા આ જમીનના ૨૫ ટકા હીસ્સેદાર બન્યા છે. કિશોરભાઇ બોરાણીયાના બહેન દક્ષાબેન બોરાણીયા પણ આ જમીનના ૧૨.૫ ટકા હિસ્સેદાર છે. એટલે કે બોરાણીયા પરિવારને આ જમીનમાં કુલ હિસ્સો ૩૭.૫ ટકા થયો છે.




આશીતભાઇ વિનયભાઇ તલસાણીયા આમાંથી નીકળી જતા જે સાત હિસ્સેદાર રહયા તે સાતેય હિસ્સેદારોએ મુળ ખાતેદાર પાસેથી ૨ કરોડ ૪૮ લાખ ૪૦ હજારમાં ૨૦/૩/૨૬ના રોજ લીધેલ જમીન ૧૯/૫/૨૬ના રોજ ૪ કરોડમાં એક વર્ષની મુદ્દતનું સાટાખત કરીને વેંચી દીધી છે. **ગુર્જર સુતાર જ્ઞાતિએ આ માટે ૭ જણાને એચડીએફસી બેંક મારફત ૩.૧૬ કરોડનું ચુકવણુ પણ કરી દીધું છે.**

ખોખડદળના મુળ ખેડુત પાસેથી જેઓએ જગ્યા લીધી હતી. તેમાં આશીતભાઇ વિનયભાઇ તલસાણીયા (જ્ઞાતિના ટ્રસ્ટી વિનયભાઇ તલસાણિયાના પુત્ર), જગદીશ મોહનભાઇ સોંડાગર (ગુ.સુ. જ્ઞાતિના ઉપાધ્યક્ષ), અરવિંદભાઇ બી. ત્રેટીયા (ગુ.સુ. જ્ઞાતિ કારોબારી સભ્ય), કિશોરભાઇ બોરાણીયા (કારોબારી સભ્ય ગુ.સુ. જ્ઞાતિ), રામચંદ્ર ડી. સંચાણીયા, દક્ષાબેન રવજીભાઇ બોરાણીયા, હર્ષદભાઇ બકરાણીયા (ઉપપ્રમુખ ગુ.સુ. જ્ઞાતિ), પ્રતિક ભરતભાઇ ખારેચાનો સમાવેશ થાય છે. મુળ ખેડુત પાસે થી આ આઠેય મહાનુભાવોએ જમીન લીધા બાદ આશીતભાઇ વિનયભાઇ તલસાણીયાએ પોતાનો હિસ્સો કિશોરભાઇ બોરાણીયાને વેંચી નાખતા બાકી રહેલા સાત મહાનુભાવોએ મંદિરને ૪ કરોડમાં જમીન વેંચી નાખી છે. મંદિરે આ ચાર કરોડમાંથી ૩ કરોડ ૧૬ લાખ ચુકવી દીધા છે. આનો દસ્તાવેજ અને થયેલ સાટાખતના આંકડાને ધ્યાનમાં લેતા ૭ મહાનુભાવોને ફકત ૩ મહિનામાં એક કરોડ ૫૧ લાખ ૬૦ હજારનો નફો થયો છે.

આ જમીન ખરીદવામાં આવ્યા બદ ખોખડદળમાં ટી.પી. સ્કીમ નં ૫૬ દાખલ કરવામાં આવી છે. રૂડાની ટી.પી. સ્કીમની ઓનલાઇન ચકાસણી કરતા સર્વે નં. ૨૬૩ ટી.પી. સ્કીમમાં આવી જાય છે. અને તેને ફાઇનલ પ્લોટ નં. ૭૧ આપવામાં આવ્યો છે. સર્વે નં. ૨૬૩માં રહેણાંક માટે જગ્યા અનામત રાખવામાં આવી છે. અને તેને ફાઇનલ પ્લોટ નં. ૯૯ આપવામાં આવ્યો છે. આ ટી.પી. સ્કીમમાં ૧૫ મીટરનો પ્રપોઝડ રોડ પણ દર્શાવાયો છે. જે રસ્તો સર્વે નં. ૨૬૩ના પ્લોટમાંથી પણ પસાર થાય છે. આમ સમાજે લીધેલ જમીનમાંથી રોડ માટે પણ જમીન કપાત થાય છે અને રહેણાંક માટે અનામત રખાયેલ જમીન પણ સમાજે લીધેલ જમીનમાંથી કપાત થાય છે. સરકારમાં મોકલાયેલ ટી.પી. સ્કીમ નં. ૫૬ ડ્રાફટ સ્કીમ તરીકે મોકલાઇ છે. જાહેર થયેલ ટી.પી. સ્કીમ માટે વાંધા અરજીઓ મંગાશે. આવેલ વાંધા અરજીનો નિકાલ થયા બાદ જ ટી.પી. સ્કીમ મંજુર થતી હોય છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ ટી.પી. સ્કીમ મંજુર થતી હોય છે. સરકારમાં મોકલાયેલ ડ્રાફટ સ્કીમ અંગે વાંધાઓ રજુ કરી સમાજે લીધેલ જગ્યામાં આવી જતી કપાતને દુર કરી શકાશે કે નહીં તેના પર સૌની મીટ મંડાઇ છે.


(સબ રજીસ્ટ્રાર અને રૂડામાંથી મેળવેલ દસ્તાવેજી પુરાવાના આધારે)

◆ પ્રવિણ ગજ્જર

# વિન્ટેજ કેમેરાના સંગ્રાહક : શાંતિભાઇ ગજ્જર




## ૪૦૦ થી વધુ વિન્ટેજ ફિલ્મ કેમેરાઃ વડોદરાના શાંતિભાઇએ ફોટોગ્રાફિક વારસાનું જતન કર્યું



શ્રી શાંતિલાલ ગજ્જર માટે કેમેરા એ માત્ર એક મશીન નથી તે ઇતિહાસનો એક ભાગ છે. વડોદરાના ૮૩ વર્ષીય રહીશે ૧૯૩૦ના દાયકાના સૌથી જૂના કેમેરાથી લઈને ૨૦૦૫ સુધીના લગભગ ૪૦૦ વિન્ટેજ કેમેરાનો અદભુત સંગ્રહ બનાવ્યો છે અને હજુ પણ આ ગણતરી ચાલુ જ છે. તેમના સંગ્રહમાં વડોદરાના ખાસ પાંચ કેમેરા પણ છે. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે મોટાભાગના કેમેરા વર્કિંગ કન્ડિશનમાં છે. લોકો મૉડલને સરળતાથી સમજી શકે તે માટે તેમણે આ કેમેરાની વિગતો પણ ડોક્યુમેન્ટ કરી રાખી છે.


શ્રી ગજ્જરનો કેમેરા પ્રત્યેનો પ્રેમ રેડિયો ટેકનિશિયન તરીકે કામ કરતી વખતે શરૂ થયો હતો. તેઓ ધીમે ધીમે કેમેરા રિપેરિંગ અને ત્યારબાદ પ્રોફેશનલ ફોટોગ્રાફી ક્ષેત્રે આગળ વધ્યા. વિન્ટેજ મૉડલ્સના રિપેરિંગ અને સંગ્રહ માટે પોતાને સમર્પિત કરતા પહેલાં તેમણે વર્ષો સુધી લગ્નો અને શહેરના અન્ય કાર્યક્રમોની ફોટોગ્રાફી કરી હતી. તેમના સંગ્રહમાં પોલેરોઇડ કેમેરા, રેડિયો કેમેરા, સ્નાઈપર ગન શૈલીનો કેમેરો, ચાવીથી ચાલતો કેમેરો, સ્પ્રિંગ-વાઇન્ડિંગ મૉડલ્સ અને વિવિધ આકાર તથા કદના કેમેરા સામેલ છે. તેમના આ અમૂલ્ય સંગ્રહમાં એક નાનો સ્પાય કેમેરો પણ છે જ્યાંથી તેમણે આ સંગ્રહની શરૂઆત કરી હતી.

પોતાનો આ અનોખો સંગ્રહ ગર્વથી બતાવતા ગજ્જરે કહ્યું હતું કે, ‘‘જ્યારે મને મારા મિત્રની દુકાનેથી એક અસાધારણ મિનીએચર કેમેરો મળ્યો ત્યારે વિન્ટેજ કેમેરા પ્રત્યેનો મારો શોખ વધુ વધી ગયો હતો. તેને ફેંકી દેવાને બદલે મેં મારી પાસે રાખી લીધો અને ત્યાંથી જ મારા કેમેરા કલેક્શનની શરૂઆત થઈ હતી. વર્ષો જતાં મેં વિવિધ કદ અને આકારના કેમેરા એકઠા કર્યા અને તેને મારા સંગ્રહના ભાગરૂપે આજસુધી સાચવી રાખ્યા છે.’’


વર્ષો જતાં જૂના શહેરમાં આવેલી તેમની કેમેરા રિપેરિંગની દુકાન ફોટોગ્રાફરો અને કેમેરાના શોખીનો માટે એક જાણીતું સરનામું બની ગઈ છે. આજે પણ શ્રી ગજ્જર વિન્ટેજ કેમેરાની શોધ ચાલુ રાખે છે અને આ સંગ્રહને સાચવવામાં તેમના પુત્ર અતીતને પણ પ્રોત્સાહિત કરે છે.

શ્રી ગજ્જરે વિશ્વકર્મા વિશ્વને વધુમાં જણાવ્યું હતું કે, ‘‘મારે યુવા પેઢીને આ અનોખા કેમેરા અને ફોટોગ્રાફીની દુનિયા વિશે જાગૃત કરવી છે. હું દરેકને આ માસ્ટરપીસ વિશે જાણવા અને તેને કેવી રીતે ઓપરેટ

# રેડિયો રિપેરિંગની દુકાનથી શરૂ કરીને દુર્લભ કલેક્શન સુધી શાંતિલાલ ગજ્જર પાસે ૪૦૦ થી વધુ વિન્ટેજ કેમેરાનો સંગ્રહ









કરવા તે શીખવા માટે આમંત્રિત કરૂં છું. મારી ભવિષ્યમાં એક મ્યુઝિયમ ખોલવાની અને આવનાર પેઢીઓ માટે આ દુર્લભ કેમેરાઓ પ્રદર્શિત કરવાની પ્રબળ ઈચ્છા છે.''

માત્ર ૩ ચોપડી ભણેલા શાંતિભાઇ ગજ્જર આજે ૮૩ વર્ષની વયે પણ કાર્યરત છે. ૧૯૭૮થી રેડીયો રીપેરીંગની દુકાન શરૂ કર્યા બાદ આજે પણ નિયમિત દાંડીયા બજારમાં આવેલ ગજ્જર કેમેરા રીપેરીંગ કરતા રહયા છે. ધીમેધીમે રોલવાલા કેમેરા બંધ થયા અને ડીઝીટલ કેમેરા શરૂ થયા. આ દરમ્યાન ૧૯૯૮થી પિતા સાથે જોડાયેલ તેમના પુત્ર અતીતે ૨૦૦૫માં બીજી દુકાન શરૂ કરી જ્યાં તેઓ ડીઝીટલ કેમેરા રીપેરીંગનું કામ કરે છે.

શાંતિભાઇ ગજ્જર રોલવાળા કેમેરાની અને ફોટોગ્રાફીની દુનિયા વિષે આજની પેઢીને સતત જાગૃત કરતા રહયા છે. તેઓએ અત્યાર સુધીમાં મુંબઇ સહિતના શહેરમાં પાંચ જેટલા પ્રદર્શનો યોજયા છે. અને હજુ પણ આવા પ્રદર્શન ગોઠવવા માટે સદાય તત્પર છે.


- બદલાતી ટેકનોલોજીની વાર્તા કહેતા આ કેમેરાને સાચવવામાં તેમણે દાયકાઓ વિતાવ્યા
- મ્યુઝિયમ ખોલવાનું અને યુવા પેઢીને કેમેરાના ઈતિહાસ વિશે જણાવવાનું સ્વપ્ન


અતીત ગજ્જર


દિપીકા ગજ્જર

કલા-કૌશલ્ય-કારીગરી સાથે સંકળાયેલ શાંતિભાઇનો પરિવાર કલા-કારીગરીને ઉજાગર કરવા સદાય તત્પર રહે છે. અતિભાઇ શાંતિભાઇ ગજ્જરના પત્ની દિપીકાબેન ભરતકામ-હેન્ડીક્રાફટમાં માહિર છે બી.કોમ. થયેલા દિપીકાબેન આજે શિક્ષિકા તરીકે પણ ફરજ બજાવે છે.

શ્રી શાંતિલાલ ગજ્જર માટે દરેક જૂનો કેમેરો એક વાર્તા ધરાવે છે અને ટેક્નોલોજીના આ દુર્લભ ટુકડાઓને જીવંત રાખવા એ ફોટોગ્રાફીના ઇતિહાસને સાચવવાનો જ એક માર્ગ છે.





# નાના ની મોટાઇ

- બાબુલાલ ડી. મેવાડા



ધનવંત શેઠને મોટું કારખાનું હતું. ઉદ્યોગપતિઓમાં તેમની ગણના થતી. એક સવારે શેઠ ઓફિસમાં બેઠા હતા અને એક યુવાન તેમને મળવા આવ્યો. યુવાને કહયું, સાહેબ હું એક કારીગરનો દીકરો છું. બે વર્ષ પહેલા ગામડેથી આવી નાનું કારખાનું કર્યું છે, પણ હાલમાં મંદીનો સમય ચાલે છે તેથી કામ મળતું નથી. આપનું કામ પણ હું જાણું છું, તેથી મારા લાયક કામ હોય તો હું કામ માટે આવ્યો છું. શેઠે કહયું, ના ભાઇ હાલમાં તો એવું કોઇ કામ નથી જે તમને આપી શકાય. કામ તો અમારે વર્ષોથી જે કારખાનાવાળા બાંધેલા છે તેમને જ આપીએ છીએ.

યુવાને કહયું, શેઠ થોડું પણ કામ આપશો તો આપનો આભાર જિંદગીભર નહીં ભુલું.

તેમ છતાં શેઠ કામની ના પાડી એટલે તે યુવાન નિરાશ થઇને જતો રહયો.

શેઠનો છોકરો પાસે જ બેઠો હતો. તેણે બધુ સાંભળ્યું હતું. તેથી તેણે પુછયું, પિતાજી આપણી પાસે કામ તો ઘણું છે. આપણે કામને પહોંચી નથી વળતા તેથી કામ બહાર તો આપીએ જ છીએ તો આ તો કારીગરનો દીકરો હતો. થોડુ કામ આપ્યું હોત તો, તમે ના કેમ પાડી ?

શેઠે કહયું, આવા અજાણ્યા માણસોને કામ ન અપાય, આપણું જ કામ શીખી જાય, પછી આપણા હરીફ ઉભા થાય. આપણા ધરાક લઇ જાય. આપણા કરતા સસ્તામાં કામ કરે. આવા લોકો તો દબાયેલા જ સારા.

'ના બાપુજી એવું નથી એ યુવાન કેટલી આશા લઇને આપણે ત્યાં આવ્યો હશે ! અને તમે નિરાશ કર્યા. આપણે તો કામ કરાવીને પૈસા આપવાના હતા. મફત તો આપવાના ન હતા. ભૂખ્યાને જેમ અન્નની જરૂર હોય છે તેમ બેકારને કામની જરૂર હોય છે. એકાદ કામ આપ્યું હોત તો અનુભવ તો થાત.'

બે દિવસ પછી શેઠ કારખાનાથી વહેલા ઘેર આવ્યા હતા, એટલે બગીચામાં બેસવા ગયા. બગીચામાં એક બાંકડા પર બેઠા હતા એટલામાં એક દસ, બાર વર્ષનો છોકરો બુટ પોલીસ કરનારો દોડતો આવ્યો અને કહયું, સાહેબ બૂટ પોલીસ કરાવવી છે ?

શેઠને તો બેસવાનું જ હતું તેથી બૂટ પોલિસ કરવા તે છોકરાને આપ્યા. છોકરાએ બૂટને બ્રશ મારી સાફ કર્યા અને પોલીસ કરવાની તૈયારી કરતો હતો એટલામાં તેના જેવો જ બૂટ પોલિ કરનારો બીજો છોકરો દોડતો આવ્યો અને તેની પાસે ઉભો રહયો એટલે પેલા પહેલા છોકરાએ બૂટ પોલિસ માટે બીજા છોકરાને આપી દીધા, લે તું પોલિસ કર.

શેઠને નવાઇ લાગી એટલે છોકરાને પૂછયું, મેં તો બૂટ તને આપ્યા હતા તે બૂટ કેમ પેલા છોકરાને આપ્યા ?

છોકરાએ કહયું, સાહેબ અમે બંને એક જ ધંધાવાળા છીએ તેથી ધંધા ભાઇ કહેવાઇએ, અમે દરરોજ અહીં સાથે જ બૂટ પોલિસ કરવાનું કામ કરીએ છીએ. તેને તો બિચારાને ત્રણ કલાકથી બિલકુલ કામ મળ્યું નથી. મે તો ચાર જોડ બૂટને પોલીસ કરી છે તેથી ભલેને એક જોડ બૂટની પોલિસ તે કરતો. તે તો સામાન્ય પરિવારનો છે. અમે સાથે જ ભણીએ છીએ. નિશાળમાં અમારા સાહેબ પણ કહેતા કે, એકબીજાને મદદ કરવી જોઇએ. અમે એક ધંધાવાળા એક બીજાને મદદ નહીં કરીએ તો બીજું કોણ મદદ કરવા આવશે ?

ઉમાશંકરજોષીએ સાચે જ કહયું છે કે,

'મોટાની અલ્પતા જોઇ થાકયો છું., નાનાની મોટાઇ જોઇને જીવું છું.

# લગ્નનો યુગ પૂરો? અવિવાહિત જીવનનો ટ્રેન્ડ?

## કારકિર્દી આગળ, લગ્ન પાછળ, શું બની રહ્યું છે નવી પેઢીમાં? મોડા થતા લગ્ન, ઓછા થતા સંતાન અને ખાલી થતો સમાજ

**બાબુભાઈ આર. મિસ્ત્રી.**




બાળ લગ્નોની પ્રથા લગભગ નાબૂદ થઈ છે અને કાયદાકીય રીતે તેમજ સામાજિક જાગૃતિને કારણે મોટી ઉંમરે લગ્ન કરવાનું વલણ વધ્યું છે. ભારતીય સમાજમાં લગ્ન એ એક પવિત્ર સંસ્કાર માનવામાં આવે છે, પરંતુ સમય જતાં તેમાં અનેક પાયાના પરિવર્તનો આવ્યા છે. પરંપરાગત રીતે લગ્નનો મુખ્ય હેતુ ધર્મ અને પ્રજોત્પત્તિ હતો. હવે લગ્ન એ વ્યક્તિગત સુખ, સાથીદારી અને મનોવૈજ્ઞાનિક સંતોષનું સાધન બન્યું છે. પહેલા જીવનસાથીની પસંદગી વડીલો દ્વારા થતી હતી. હવે યુવક યુવતીઓ પોતાની પસંદગીને (Love Marriage) મહત્વ આપે છે. હવે પોતાની જ્ઞાતિ બહાર લગ્ન કરવાને સમાજ બ્રાહ્મણ અને વણિક જ્ઞાતિ વચ્ચે થતા લગ્નો સ્વીકારતો થયો છે. પહેલા લગ્ન એ અતૂટ બંધન હતું. હવે જો સુમેળ ન સધાય તો કાયદાકીય રીતે છૂટાછેડા લેવાનું પ્રમાણ વધ્યું છે.

ચાલો નીચે આપેલા સૂચનોને વધુ સારી રીતે સમજવાનો પ્રયાસ કરીએ. અને સારા લગ્ન જીવન માટે સ્વીકારવાનો પ્રયાસ કરીએ:

ફક્ત અને ફક્ત બાયોડેટા જોઈને સંબંધ નથી થતા, વાતચીત કરો, શરૂઆત આપણાંથી કરો, ફોન કરો.

ખાલી બાયોડેટામાં જોઈને ના નહીં પાડો, એક બે વાર વડીલો સાથે ફોન પર વાતચીત કરી છોકરાની એકાદ મિટિંગ ગોઠવો.

રંગ, રૂપથી વધારે ગુણોને મહત્વ આપો, દરેક વ્યક્તિમાં કંઈક ખામી તો કંઈક ખુબીઓ હોય છે તેના આધારે આગળ વધશો. ફેમિલી કેવું છે એ જુઓ

ફક્ત પગાર પર ધ્યાન ન આપો ભણેલા ગણેલા છોકરા છોકરીનો પગાર દર વર્ષે વધવાનો જ છે.

મંગળ કોઈ દિવસ અમંગળ નહી થવા દે લગ્ન બહુ જ શુભ કાર્ય છે.

૯૦ % લોકો આપણાં જેવા જ છે કોઈ સર્વગુણ સંપન્ન નથી.

ઉંમરમા બે ત્રણ વર્ષ નો ફરક સામાન્ય છે.

૨૦ થી ૩૦ વર્ષના ભણેલા છોકરાઓ પાસે પોતાનું ઘર, ગાડી, જમીનની આશા ના રાખો.

૨૦ થી ૩૦ વર્ષની ભણેલી છોકરીઓને બધું ઘરકામ, રસોઈ આવડશે એવી આશા ના રાખો.

લગ્નની યોગ્ય ઉંમરમાં જ લગ્ન કરો, સમય હાથ માંથી સરી જશે ઉંમર વધતી જાય તે ઠીક નથી, સારું પાત્ર આનાથી વધારે સારું પાત્ર શોધવાની દોડમાં નહી પડશો. આપણે બાળકોની લાઇફ સેટ કરવાની છે.

અમિતાભ બચ્ચનથી જયાની હાઇટ ૧૨ ઇંચ ઓછી છે.

સચિન તેંડુલકરથી અંજલિ ત્રણ વર્ષ મોટી છે.

ઐશ્વર્યા રાય માંગલિક છે અભિષેક બચ્ચન નોન માંગલિક છે.

દુનિયામાં કોઈપણ મિસ્ટર અને મિસીસ પરફેક્ટ નથી હોતા, બીજાના દોષ જોવા કરતાં સારું છે પોતાની ખામીઓ ચકાશો.

વિધવા સ્ત્રીના પુનઃલગ્ન પ્રત્યેનો સામાજિક દ્રષ્ટિકોણ બદલાયો છે અને તેને હવે સ્વીકૃતિ મળી રહી છે.

આધુનિક સમયમાં લગ્ન વગર સાથે રહેવાના કિસ્સાઓ પણ જોવા મળે છે. લિવ-ઈન રિલેશનશિપ.

યુવક અને યુવતીના લગ્ન યોગ્ય ઉંમરમાં જ કરાવવા જોઈએ જેથી ભવિષ્ય સરળ રહે.

લગ્ન સમારંભમાં દેખા દેખી કે મોટો ખર્ચ ટાળીને સાદગી અપનાવવી હિતાવહ છે.

વડીલો એકલા પડી ગયા:

માતા અને પિતા એ ઈશ્વરનું સૌથી સુંદર અને અમૂલ્ય સર્જન છે, જે આપણા જીવનનો આધાર, પ્રથમ ગુરુ અને સાચા માર્ગદર્શક છે. તે રાત દિવસ જોયા વગર બાળકનું ધ્યાન રાખે છે અને તેને સંસ્કાર આપે છે અને પાલનપોષણ કરે છે. ઘર, કુટુંબ, મા-બાપ પ્રથમ અને છેલ્લી પાઠશાળા છે. તેનો કોઇ જ વિકલ્પ જ નથી. એ જ બાળક મોટા થઈને મા-બાપ માટે ઘરડા ઘર શોધતા હોય છે.

રૂમ તો વધ્યા ઘરમાં, પણ દિલના ખૂણા નાના થઈ ગયા, જેણે આપણને આપ્યા પગ, એ જ ચાલતા થાકી ગયા. બે મિનિટનો પ્રેમ ને થોડો આદર માંગે છે આ ઘડપણ, પણ કલિયુગની આ દોડમાં, વડીલો એકલા પડી ગયા.

અનુભવનો દરિયો સાચવીને બેઠા છે એક ખૂણામાં, કોઈ સાંભળે એમને, એ આશ રાખીને બેઠા છે અંધારામાં. નથી જોઈતી એમને સંપત્તિ કે આ મોટાં બંગલા, બસ, વાતો કરવાના અભાવે વડીલો એકલા પડી ગયા.

જેમણે આપણી ખુશીઓ માટે આખી જિંદગી ઘસી નાખી, એમના જ ઘરમાં એમની જરૂરિયાત આપણે ભૂલી ગયા. સલાહ સૂચન તો દૂર, કોઈ પૂછવા વાળું પણ નથી રહ્યું, અને પોતાના જ ઘરની અંદર, વડીલો એકલા પડી ગયા.

સાચું કહું તો, સંયુક્ત પરિવારમા ૫૦ વર્ષ પહેલાં અને આજે ફરક છે:

વૃદ્ધ માતા પિતા પહેલાં દુઃખી નહોતા કારણ કે જીવનમાં કામ હતું. તેઓ હવે દુઃખી છે, કારણ કે જીવનનો અર્થ જ ખોવાઈ ગયો હતો.

પહેલાં લગ્ન સરળ હતા પણ છૂટાછેડા મુશ્કેલ હતા. આજકાલ લગ્ન કરવા મુશ્કેલ છે પણ છૂટાછેડા ખૂબ જ સરળ છે.

પહેલાં બાળકો તેમના માતા પિતાનું સન્માન કરતા હતા. હવે માતા પિતાએ તેમના બાળકોનું સન્માન કરવું પડે.

પહેલાં બાળકો તેમના માતા પિતા સાથે સૌમ્ય રહેતા હતા. આજે માતા પિતાએ તેમના બાળકો સાથે સૌમ્ય વર્તન કરવું પડે.

પહેલાં લોકોને ભણવાનું અને પુસ્તકો વાંચવાનું ખૂબ ગમતું, હવે લોકો ફેસબુક અપડેટ કરવાનું અને તેમના વોટ્સએપ સંદેશાઓ વાંચવાનું પસંદ કરે છે.



સંયુક્ત પરિવાર માટે કહું તો, આજની પત્ની સંયુક્ત પરિવાર સાથે રહેવાનો કેમ ઇનકાર કરે છે? આજની છોકરીઓ લગ્ન પછી સંયુક્ત પરિવારને બોજ માને છે, જો કોઈ મહિલા ફક્ત તેના પતિ સાથે જ રહેવા માંગતી હોય, તો તેમણે લગ્ન પહેલાં જ તેમની પ્રાથમિકતાઓ સ્પષ્ટ કરવી જોઈએ.

નિષ્કર્ષ:

માંગલિક દોષ ન જુઓ, અંધશ્રધ્ધામા ફસાઈ ગયા તો બરબાદ થઈ જશો. દુનિયામાં કોઈ પણ યુવક અને યુવતી બુદ્ધિમાન નથી હોતા, તેની ગુણવત્તા જુઓ. બીજાના દોષ જોવા કરતાં સારું છે પોતાની ખામીઓ ચકાસો. લગ્નની યોગ્ય ઉંમરમાં જ લગ્ન કરો, સમય હાથમાંથી સરી જશે ઉંમર વધતી જાય તે ઠીક નથી, સારું પાત્ર મળે એટલે વધારે સારું પાત્ર શોધવાની દોડમાં નહી પડશો. એવું વિચારજો કે જે સારું પાત્ર આપ શોધી રહ્યા છો તે એમના જ કોઈ સગા સંબંધી માંથી હોય શકે. એ દિવસો ગયા કે જ્યારે છોકરીવાળા જે સારા પાત્રોની શોધમાં પહેલા છોકરાવાળા પાસે જતા હતા અને તમે દીકરાવાળા છો અને કોઈ દીકરીના બાયોડેટા અનુકૂળ લાગે તો આપ ખુદ જ આગળ વધશો, સંપર્ક કરશો, ફોન કરશો. વાતચીત કરશો.

અને છેલ્લે

શું તમે આખા ભારતમાં મુસ્લિમો, ખ્રિસ્તીઓ, જૈનો માટે કોઈ ઘરડા ઘર જોયા છે? તેનું કારણ શું છે? પોતાને સમજવાનો પ્રયાસ કરો અને તેમની પાસેથી શીખવાનો પ્રયાસ કરો.

હું શ્રીરામનો વંશજ છું.

**બાબુભાઈ આર. મિસ્ત્રી.**
**વિશ્વકર્મા એજ્યુકેશનલ ટ્રસ્ટ, વલસાડ**
**(મો. ૯૮૨૫૧ ૨૧૦૮૭)**

# ૧,૯૯૯નું ગેમ ખરીદવું, ભૂલ બાળકની કે આપણી અધૂરી સમજણ?




''1,999 debited - Game Purchase.''

મોબાઈલ પર આવતો આવો એક નાનો સંદેશ ક્યારેક આખા ઘરના વાતાવરણને બદલી નાખે છે.

માતા-પિતાના મનમાં તરત જ ગુસ્સો, ચિંતા અને આશ્ચર્ય ઊભું થાય-''આટલા બધા પૈસા કેવી રીતે ખર્ચી નાખ્યા?, અમને પૂછ્યા વગર ખરીદી કેમ કરી?, આ બાળકને પૈસાની કિંમત જ નથી?''

આ પ્રતિક્રિયા સ્વાભાવિક છે. પરંતુ આવી ઘટના બને ત્યારે માત્ર બાળકની ભૂલ શોધવાને બદલે એક ક્ષણ માટે આપણે પોતાને એક પ્રશ્ન પૂછવો જોઈએ-

બાળકે પૈસાનો દુરુપયોગ કર્યો છે કે આપણે તેને પૈસાની સમજણ આપી જ નથી?

આ પ્રશ્ન માત્ર ૧,૯૯૯ પૂરતો નથી. આ આજના ડિજિટલ યુગમાં ઉછરી રહેલી આખી પેઢીની પૈસા પ્રત્યેની સમજણ સાથે જોડાયેલો છે.

પૈસા હવે દેખાતા નથી, પરંતુ ખર્ચાઈ જાય છે

આજના બાળકો પૈસાનો અનુભવ અગાઉની પેઢી કરતાં તદ્દન અલગ રીતે કરે છે.

પહેલાં બાળકને ૫૦ કે ૧૦૦ની નોટ મળતી. નોટ હાથમાં આવતી, ખિસ્સામાં રહેતી અને ખર્ચાઈ જાય ત્યારે ખિસ્સો ખાલી થતો. પૈસા ઓછા થયા છે કે પૂરા થયા છે-તેનો અનુભવ સીધો હતો.

આજે પૈસા પડદા પર છે., એક સ્પર્શ., એક પસંદગી., એક ચૂકવણી. અને ખરીદી પૂરી.

બાળકને કોઈ નોટ હાથમાંથી જતી દેખાતી નથી. કોઈ પાકીટ ખાલી થતું દેખાતું નથી. માત્ર પડદા પર એક આંકડો બદલાય છે.




**રૂપલ વડગામા**
certified parenting
Life coach and
career counsellor
**મો. ૯૪૨૮૧ ૫૮૦૯૪**


પરંતુ એ આંકડા પાછળ વાસ્તવિક જીવન જોડાયેલું છે.

ડિજિટલ પૈસા પણ વાસ્તવિક પૈસા જ છે.

બાળકને આ વાત સમજાતી ન હોય તો તેને માત્ર બેદરકાર કહી દેવું સરળ છે, પરંતુ સમસ્યાનો મૂળ ઉકેલ ત્યાં નથી.

આજે રમત માટે ૧,૯૯૯ ખર્ચનાર બાળક આવતીકાલે ઓનલાઇન ખરીદી, ખાણીપીણીની એપ, માસિક ભરપાઈવાળી સેવાઓ, ડિજિટલ પાકીટ, કાર્ડ અને બીજા અનેક આર્થિક નિર્ણયોનો સામનો કરશે.

ત્યારે દરેક નિર્ણય વખતે માતા-પિતા તેની બાજુમાં ઊભા રહી શકશે નહીં.

એટલે પ્રશ્ન એ નથી કે-

બાળકને પૈસા ખર્ચવાથી કેવી રીતે રોકવું?

મોટો પ્રશ્ન છે- બાળકને પૈસા ખર્ચતા પહેલાં વિચારતા કેવી રીતે શીખવવું?

આ સમજણ કોઈ એક દિવસમાં ઊભી થતી નથી. તેની શરૂઆત ઘરની નાની નાની વાતોથી થાય છે.

**૧. પૈસા એટલે માત્ર ખરીદી નહીં, પાછળની મહેનત પણ છે**

બાળકને આપણે ઘણીવાર કહીએ છીએ-પૈસા વેડફવાના નહીં.

પરંતુ પૈસા શા માટે વેડફવાના નહીં?'' તેનો જવાબ કેટલા બાળકોને ખરેખર સમજાવવામાં આવે છે?

પૈસા માત્ર નોટ કે સિક્કા નથી. તેની પાછળ કોઈનો સમય, મહેનત, કુશળતા અને ઊર્જા હોય છે.

૨,૦૦૦ માત્ર બે હજાર રૂપિયાનો આંકડો નથી. તેને કમાવવા માટે કોઈએ સમય આપ્યો છે, કામ કર્યું છે અને મહેનત કરી છે.

બાળકને આ વાત સમજાવવી જરૂરી છે. પરંતુ અહીં એક સાવચેતી પણ જરૂરી છે.

‘‘પૈસા કમાવવા કેટલું મુશ્કેલ છે, એટલે કંઈ માંગતો નહીં. આવી વાત બાળકમાં સમજણ કરતાં પૈસા પ્રત્યેનો ડર ઊભો કરી શકે છે. તેના બદલે કહેવું વધુ યોગ્ય છે-

પૈસા મહેનતથી મળે છે, એટલે તેનો ઉપયોગ વિચારપૂર્વક કરવો જોઈએ.

આ નાનો ફેરફાર બાળકના સમગ્ર આર્થિક વિચારને બદલી શકે છે.

હેતુ પૈસા પ્રત્યે ભય ઊભો કરવાનો નથી.

હેતુ છે- પૈસા પ્રત્યે સમજણ અને જવાબદારી ઊભી કરવી.

## ૨. ડિજિટલ પૈસાને વાસ્તવિક પૈસા સાથે જોડો

રમતમાં મળતા સિક્કા અને બેંક ખાતામાં રહેલા ૨,૦૦૦ વચ્ચે બાળકના મનમાં ઘણું અંતર હોઈ શકે છે.

એટલે ઘરની નાની નાની આર્થિક બાબતોમાં બાળકને જોડવું જરૂરી છે. ઘરમાં ખરીદી થતી હોય ત્યારે વસ્તુની કિંમત બતાવો. એક જ વસ્તુની અલગ દુકાનમાં કેટલી કિંમત છે તે સાથે મળીને જુઓ.



માસિક ભરપાઈવાળી કોઈ સેવા માટે કેટલા પૈસા જાય છે તે ગણવા દો. ઘર માટે નક્કી કરેલી ખરીદીની મર્યાદા હોય તો બાળકને તેમાં સામેલ કરો.

૫૦૦ મળ્યા હોય તો- ‘‘આમાંથી કેટલા ખર્ચવા?’’, ‘‘કેટલા બચાવવા?’’, ‘‘કઈ વસ્તુ ખરેખર જરૂરી છે?

એવો વિચાર કરાવો. જ્યારે બાળક પૈસાને જોવે છે, ગણે છે, સરખાવે છે અને તેના પરિણામનો અનુભવ કરે છે, ત્યારે પૈસા પ્રત્યેની સમજણ ધીમે ધીમે ઊંડી બને છે.

પૈસા વિશેનું શિક્ષણ કોઈ પુસ્તકના એક અધ્યાયથી પૂરું થતું નથી. તે રોજિંદા જીવનમાંથી શીખાય છે.

## ૩. મારે જોઈએ છે અને મને ગમે છે વચ્ચેનો તફાવત શીખવો

આજનું ડિજિટલ જગત બાળકને સતત કંઈક ખરીદવા માટે પ્રેરિત કરે છે.

રમતમાં નવું પાત્ર., નવી વસ્તુ., નવું સ્તર., ખાસ સુવિધા.

છૂટ..........‘‘હમણાં ખરીદો.’’. આ બધું બાળકને તરત નિર્ણય લેવા તરફ ધકેલે છે.

આવી પરિસ્થિતિમાં બાળકને એક ખૂબ જ મહત્વની ટેવ શીખવવી જોઈએ-ખરીદતાં પહેલાં થોભો.

કોઈ વસ્તુ લેતાં પહેલાં ત્રણ પ્રશ્ન પૂછવાઃ શું મને ખરેખર આની જરૂર છે?

થોડા દિવસ પછી પણ આટલી જ મહત્વની લાગશે? આ પૈસા હું બીજી કઈ સારી વસ્તુ માટે વાપરી શકું?

આ પ્રશ્નો બાળકને દરેક ખરીદીથી દૂર રાખવા માટે નથી. તેને વિચારપૂર્વક પસંદગી કરવાનું શીખવવા માટે છે. દરેક માંગણીને ના કહેવું પણ યોગ્ય નથી.

બાળકને ક્યારેક પોતાની પસંદગીની વસ્તુ ખરીદવા દેવી જોઈએ. પરંતુ તેની સાથે એ પણ શીખવવું જોઈએ કે પસંદગીની સાથે વિચાર પણ જરૂરી છે.

## ૪. ખિસ્સાખર્ચને જવાબદારીની તાલીમ બનાવો

બાળકને પૈસા સંભાળવાની તક જ ન આપીએ અને પછી મોટી ઉંમરે તેની પાસેથી આર્થિક સમજણની અપેક્ષા રાખીએ-આ યોગ્ય નથી.

પૈસા સંભાળવાની સમજણ પણ એક કૌશલ્ય છે અને દરેક કૌશલ્યની જેમ તેનો અભ્યાસ જરૂરી છે.

ઉંમર પ્રમાણે બાળકને ખિસ્સાખર્ચ આપી શકાય. પરંતુ માત્ર પૈસા આપવાથી કામ પૂરું થતું નથી.

તેને ત્રણ સરળ બાબતો સમજાવી શકાય- ખર્ચ - બચત - વહેંચણી,

થોડા પૈસા પોતાની પસંદગી માટે., થોડા ભવિષ્યની જરૂરિયાત માટે. અને શક્ય હોય તો થોડા કોઈની મદદ માટે. અહીં સૌથી મહત્વની બાબત છે-બાળકના દરેક ખોટા નિર્ણય પછી તેને બચાવવા દોડી ન જવું.

જો બાળકએ પોતાના બધા પૈસા રમતની કોઈ વસ્તુ પાછળ ખર્ચી નાખ્યા અને બીજા દિવસે તેને બીજી વસ્તુ જોઈએ, તો તરત પૈસા આપી દેવા કરતાં થોડો સમય રાહ જોવાનો અનુભવ કરાવવો વધુ શીખવણ ભર્યો છે.

બાળકને સમજાવવું જોઈએ- દરેક નિર્ણયનું કોઈને કોઈ પરિણામ હોય છે.

આ સજા નથી. આ જીવનની સમજણ છે.

## ૫. ભૂલ થાય ત્યારે ગુસ્સા કરતાં વાતચીત વધારે જરૂરી છે

માની લો કે બાળકએ ખરેખર ૧,૯૯૯ની ખરીદી કરી નાખી.

માતા-પિતાનો ગુસ્સો સ્વાભાવિક છે. પરંતુ પહેલી જ ક્ષણે જો આપણે કહી દઈએ- તને પૈસાની કોઈ કિંમત નથી! તારી પાસેથી કોઈ સમજદારીની આશા જ નથી! હવે તને ક્યારેય મોબાઇલ નહીં મળે!

તો બાળક પૈસાની જવાબદારી શીખશે એવું જરૂરી નથી. કદાચ તે માત્ર એટલું શીખશે-

આવી ભૂલ થઈ જાય તો આગળથી છુપાવી દેવી.

એટલે ગુસ્સા કરતાં પહેલાં વાત સમજવી જરૂરી છે. પૂછી શકાય તમે આ ખરીદી કેમ કરી?’’ ‘‘તમને ખબર હતી કે આ કેટલા

રૂપિયાનું છે? ખરીદતાં પહેલાં તમારા મનમાં શું હતું?''


''આવું ફરી થાય તો તમે શું અલગ કરશો?'' આવા પ્રશ્નો બાળકને પોતાની ભૂલ તરફ પાછું જોવા મજબૂર કરે છે.

જો બાળકને નિયમ ખબર હોવા છતાં તેણે જાણપૂર્વક નિયમ તોડયો હોય, તો યોગ્ય પરિણામ નક્કી કરી શકાય. થોડા સમય માટે ઓનલાઇન ખરીદીની છૂટ બંધ કરી શકાય અથવા ઉંમર પ્રમાણે ખિસ્સાખર્ચમાંથી થોડો ભાગ ભરવાની જવાબદારી આપી શકાય.

પરંતુ હેતુ એક જ હોવો જોઈએ-બાળકને શરમાવવાનું નહીં, જવાબદાર બનાવવાનું.

બાળકને એ સમજાવવું જરૂરી છે- તું ખરાબ નથી. તારો નિર્ણય યોગ્ય નહોતો. અને યોગ્ય નિર્ણય લેવાનું શીખી શકાય છે.

આ વાક્ય બાળકના આત્મસન્માનને પણ સાચવે છે અને જવાબદારીની ભાવના પણ ઊભી કરે છે.



**૬. ઘટના પછી નિયમ નહીં, પહેલાંથી કુટુંબના નિયમો બનાવો**

ઘરમાં આર્થિક નિયમો કોઈ મોટી ઘટના પછી બનાવવાની જરૂર નથી.

પહેલેથી જ થોડા સરળ નિયમો નક્કી કરી શકાય.

કોઈપણ ઓનલાઇન ખરીદી પહેલાં માતા-પિતાની પરવાનગી., બેંક અથવા ચૂકવણીની ગુપ્ત માહિતી બાળકો સાથે વહેંચવી નહીં., ખરીદી કરતાં પહેલાં અંતિમ કિંમત તપાસવી., મફત અજમાયશ અને આપમેળે થતી માસિક ભરપાઈનો અર્થ સમજવો., રમતની અંદર થતી ખરીદી વિશે સ્પષ્ટ સમજણ આપવી.

ભૂલ થાય તો છુપાવવાને બદલે તરત જણાવવું.

પરંતુ આ બધાથી પણ એક વાત વધારે મહત્વની છે.

બાળક જે સાંભળે છે તેના કરતાં જે જુએ છે તે વધુ શીખે છે.

જો ઘરમાં મોટા લોકો દરેક છૂટ જોઈને તરત ખરીદી કરે, જરૂર ન હોય છતાં વસ્તુઓ લેતા રહે અને પછી બાળકને કહે- પૈસા સમજીને વાપરવાના.

તો બાળકને મળતો સંદેશ સ્પષ્ટ નહીં રહે.

આર્થિક સમજણનો પહેલો પાઠ ઘણીવાર માતા-પિતાના વર્તનમાંથી શરૂ થાય છે.

અંતે વાત ૧,૯૯૯ની નથી

આપણે એવું બાળક ઉછેરવું નથી જે ક્યારેય પૈસા ખર્ચે જ નહીં. આપણે એવું બાળક ઉછેરવું છે જે-

પૈસા ખર્ચતાં પહેલાં એક ક્ષણ થોભે. જરૂરિયાત અને ઇચ્છા વચ્ચેનો તફાવત સમજે. ડિજિટલ પૈસાને વાસ્તવિક પૈસા તરીકે જુએ. પોતાની પસંદગીના પરિણામને સ્વીકારે.

અને સૌથી મહત્વનું- પૈસા સાથે ડર નહીં, જવાબદારીનો સંબંધ બનાવે.

આજે રમત માટે ખર્ચાયેલા ૧,૯૯૯ને આપણે માત્ર એક ભૂલ માનીને ભૂલી જઈ શકીએ.

અથવા એ જ ઘટનાને બાળકના જીવનનો એક મહત્વપૂર્ણ પાઠ બનાવી શકીએ.

કારણ કે આજે રમત છે., કાલે ઓનલાઇન ખરીદી હશે., પછી બેંકનું ખાતું હશે.

ત્યારબાદ પગાર, બચત, રોકાણ, ધિરાણ અને અનેક મોટા આર્થિક નિર્ણયો હશે.

આજે આપણે બાળકના દરેક નિર્ણય પર નજર રાખી શકીએ છીએ. પરંતુ આવતીકાલે નહીં.

એટલે સારા ઉછેરનું અંતિમ લક્ષ્ય બાળકને હંમેશાં નિયંત્રણમાં રાખવાનું નથી.

અંતિમ લક્ષ્ય છે-તેમાં પોતાનું નિયંત્રણ વિકસાવવું.

જ્યારે માતા-પિતા પાસે ન હોય ત્યારે પણ બાળકના મનમાં એક નાનો પ્રશ્ન ઊભો થવો જોઈએ

મારે આ ખરેખર જોઈએ છે કે માત્ર અત્યારે ગમે છે?

અને પછી-આ પૈસા ખર્ચવા યોગ્ય છે?

કદાચ આ બે પ્રશ્નો જ આર્થિક સમજણની સૌથી સુંદર શરુઆત બની શકે.

બાળકને પૈસાથી બચાવવાની જરૂર નથી.

બાળકને પૈસા સમજવાની જરૂર છે.

ડિજિટલ દુનિયા તેને સ્વતંત્રતા આપશે.

પરંતુ એ સ્વતંત્રતાને દિશા આપવાની જવાબદારી પરિવારની છે.

કારણ કે ડિજિટલ રીતે સક્ષમ બાળક આજની જરૂરિયાત છે, પરંતુ પૈસા પ્રત્યે જાગૃત અને જવાબદાર બાળક આવતીકાલની જરુરિયાત છે. અને કદાચ હવે બાળકોને માત્ર-

આજે કેટલા ગુણ આવ્યા? એટલું જ નહીં, ક્યારેક આ પણ પૂછવાનો સમય આવી ગયો છે-

આજે પૈસા વિશે તમે શું શીખ્યા?

# કારપ્રેન્કના વિડીયો બનાવતી યુટયુબ પરની લોકપ્રિય જોડી અર્જુન ગજજર(જોંગો) અને આર.જે. વિનોદનો ગુજરાતી ફિલ્મમાં અભિનય ક્ષેત્રે પ્રવેશ

જયંતીભાઈ નગેવાડીયા



## આ જોડી આગામી વધુ બે ગુજરાતી ફિલ્મમાં પણ આવી રહી છે

આજના મોબાઈલના યુગમાં સોશ્યલ મીડિયા ને વોટસએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવા માધ્યમોનો જો સાચો ઉપયોગ કરવામાં આવે તો તેમાંથી દેશ અને દુનિયાની જાણકારી મળે છે અને મનોરંજન પણ મળે છે. તો ઘણા બ્લોગ બનાવારા ફેસબુક, ઈન્સ્ટાગ્રામમાં બ્લોગ મુકે છે તેમાંથી લોકોને જાણકારી મળે છે. મનોરંજન મળે છે અને બ્લોગ બનાવનારને ઘણી આવક પણ થાય છે. યુટયુબમાં કારપ્રેન્કના વીડિયો બનાવી મુકતા જોંગો અને આર.જે. વિનોદની જોડી ખુબ જ લોકપ્રિય છે આ જોડીએ યુટયુબમાં અત્યાર સુધીમાં ૨૫૦ કરતાં પણ વધારે વીડિયો મુકયા છે. અને તેમના ચાર લાખ કરતાં પણ વધુ ફોલોઅર છે. આ જોંગો અને વિનોદભાઈની જોડીની લોકપ્રિયતાએ તેમના માટે ગુજરાતી ફિલ્મમાં અભિનય પ્રવેશ માટે નિમિત બન્યું છે. આમ સોશ્યલ મીડિયા દ્વારા ઘણીવાર ઘણા માટે જીવનની એક નવી દિશા મળે છે.



આ કારપ્રેન્કના વીડિયોની જોડીની વાત કરીએ તો જોંગો એટલે આપણા સમાજના રાજકોટનાં ૩૩ વર્ષીય અર્જુન નવનીતભાઈ વિશરોલીયા જેને અર્જુન ગજજરથી અને વીડિયોમાં જોંગોના ઉપનામથી લોકપ્રિય છે. તેમની સાથે ૯૨.૭ બીગ એફ.એમ.ના રેડિયો જોકી વિનોદભાઈ સાથે જ હોય છે. આ બંને પોતાની કારમાં કોઈને લિફટ આપી બેસાડે અને પછી ગાડીમાં તેમને મામુ બનાવે તેવા તેમના વીડિયો યુટયુબમાં બહુ જ લોકપ્રિય છે.




આ અર્જુન ગજજરના ફિલ્મ પ્રવેશની વાત કરીએ તો જુના ગુજરાતી ફિલ્મનાં પ્રોડયુસર ગોવિંદભાઈ પટેલના પરિવારનાં જ હરેશભાઈ પટેલ અને રૂચીતભાઈ એક ગુજરાતી ફિલ્મ 'ટોમ એન્ડ ચેરી' બનાવી રહયા હતા. જેમાં મુખ્ય રોલમાં જાણીતા નાટયકલાકાર અને ફિલ્મ અભિનેતા સિદ્ધાર્થ રાંદેરીયા છે. જેના ડાયરેકટર ધર્મેશ મહેતા કે જેઓએ ટીવીમાં છેલ્લા અઢાર વર્ષથી લોકપ્રિય સિરીયલ, તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના ઘણા વર્ષ સુધીના એપિસોડનું ડાયરેકશન કરેલ તેવા ખુબ જાણીતા ડાયરેકટર છે. ટોમ એન્ડ ચેરીમાં પ્રોડયુસર હરેશ

પટેલ આ જોંગો અને વિનોદભાઇની જોડીનાં વિડીયોના ફોલોઅર છે. તેમને આ બંનેનો અભિનય ખુબ જ ગમે છે. તેથી તેમને વિચાર આવ્યો કે આ ટોમ એન્ડ ચેરીમાં આ રીતે જ આ બંને કલાકરોને લઇને આ કારપ્રેન્ક જેવો જ એકભાગ આ ફિલ્મમાં ઉમેરીએ તો લોકોને વધુ મનોરંજન મળશે જો કે હરેશ પટેલને આ વિચાર આવ્યો ત્યારે ફિલ્મનું ઘણુ શુટીંગ તો થઇ ગયું હતું. તેથી હરેશભાઇએ આ બંનેનો કોન્ટેક કર્યો અને આ ફિલ્મમાં જોડાવાની વાત કરી તો બંનેએ સ્વીકારી લીધી અને આ ફિલ્મમાં આ બંને કલાકારોને લઇને થોડી મિનિટોનો એક પાર્ટ ઉમેર્યો. અને ખાસ વાત એ છે કે આ ફિલ્મના મુખ્ય કલાકાર સિદ્ધાર્થ રાંદેરીયાની સાથે જ કારમાં આ બંને મામુ બનાવવાની કોશિશ કરતા હોય તેવો પાર્ટ ઉમેરવામાં આવ્યો.

આ અંગે અર્જુન ગજજરે વિશ્વકર્મા વિશ્વની સાથે રૂબરૂ મુલાકાતમાં જણાવ્યુ કે, અમારા માટે આ મોટી વાત છે કે સિદ્ધાર્થ રાદડીયા જેવા મોટા કલાકાર સાથે અમોને ભલે થોડી મિનિટો માટે પણ તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો તે અમારા માટે ગૌરવની વાત છે. વધુમાં જણાવ્યું કે, તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા જેવી લોકપ્રિય સિરિયલના એક વખતના ડાયરેકટર ધર્મેશ મહેતા સાથે કામ કરવાનો મોકો મળ્યો. અમારુ ઓડીશન પણ લેવામાં આવેલ નહીં. ફિલ્મના શુટીંગ અંગે જણાવ્યું કે, અમારુ શુટીંગ પાવાગઢ નજીકના લોકેશનમાં હતું. અમારા થોડી મિનિટો માટે શુટીંગ માટે પણ અમારે ૫ થી ૬ કલાકનો સમય લાગેલ. ધર્મેશ મહેતા એકદમ પરફેકશનથી કામ કરે છે એટલે વધુ સમય લાગે છે. વધુમાં કહયું કે, ફિલ્મની સ્ક્રીપ્ટમાં મારુ અને વિનોદભાઇનું નામ બીજું રાખવામાં આવેલ પરંતુ સિદ્ધાર્થ રાંદેરીયાએ ડાયરેકટર ધર્મેશ મહેતાને કહયું કે, આ બંને યુટયુબ પર તેમના વીડિયોમાં જોંગો અને વિનોદના નામથી આટલા બધા ફેમસ છે તો આ ફિલ્મમાં પણ તેમનું નામ જોંગો અને વિનોદ રાખો. આ રીતે આ ટોમ એન્ડ ચેરીમાં ફિલ્મમાં પણ મારુ નામ જોંગો જ રાખવામાં આવ્યું છે. અમારા ડાયલોગનું ડબીંગ અમારા બંનેના અવાજમાં જ મુંબઇના રેકોર્ડીંગ સ્ટુડીયોમાં કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ટોમ




એન્ડ ચેરી તા. ૨૮ ઓગસ્ટ શુક્રવાર એન રક્ષાબંધનના દિવસે રિલીઝ થઇ ગઇ છે. સિદ્ધાર્થ રાંદેરીયા સાથે કામ કરવાના અનુભવ અંગે પુછતા કહયુ કે, તેઓ એકદમ સાદા છે. પોતે એક મોટા કલાકાર હોવા છતાં અમારા જેવા ફિલ્મ ક્ષેત્રે નવોદિત સાથે ખુબ જ સારો વહેવાર કર્યા.

આ ટોમ એન્ડ ચેરી ફિલ્મ બાદ આ અર્જુન ગજજર અને વિનોદભાઇન જોડીને બીજી બે ગુજરાતી ફિલ્મમાં કામ મળ્યું છે. તેમનું શુટીંગ પણ ચાલુ છે. જેમાં એક છે ''ભાગ્યા ૪'' જેમાં ગુજરાતી ફિલ્મનાં જાણીતા કલાકારો મલ્હાર ઠક્કર અને કરણ જોષી સાથે કામ કરે છે.

આમ રાજકોટની આ કાર પ્રેન્કર જોડી અર્જુન ગજજર (જોંગો) અને વિનોદભાઇએ પોતાની યુટયુબની લોકપ્રિયતાના કારણે ગુજરાતી ફિલ્મ ક્ષેત્રે પ્રવેશ કર્યો છે અને આગળ વધી રહયા છે.

# હસમુખ બોરાણિયાની લઘુકથાને દ્વિતીય નંબરનું ઇનામ



અભિવ્યક્તિ વર્તુળ, તલોદ આયોજિત લઘુકથા સ્પર્ધાઃ ૨, ૨૦૨૬ યોજવામાં આવી હતી. આ સ્પર્ધાનું પરિણામ તા. ૧૬.૦૭.૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં બાળસાહિત્યકાર, લઘુકથાકાર હસમુખ બોરાણિયાની લઘુકથાઃ 'ગીધડાં'ને દ્વિતીય નંબર મળ્યો છે.

આ નંબરનો પુરસ્કાર રૂપિયા ૨૧૦૦ છે. સ્પર્ધામાં ગુજરાતભરના લઘુકથા લેખકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયકો શ્રી પ્રફુલ્લ રાવલ, તંત્રી શ્રી કુમાર સામયિક અને શ્રી ધર્મેન્દ્રસિંહ રાઠોડ, જાણીતા લઘુકથાકાર હતા. સંયોજક તરીકે પ્રેમજી પટેલ (જાણીતા લઘુકથાકાર), કિશનસિંહ પરમાર અને દશરથ પટેલ હતા. આગામી દિવસોમાં વિજેતાઓનો સન્માન સમારંભ યોજાશે.

# મુંબઇ વિશ્વકર્મા બાગ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

## સમાજલક્ષી કાર્યક્રમોમાં જોડાવા પ્રમુખ તુષારભાઇ કથ્રેચાની અપીલ



દર વર્ષની જેમ આ વખતે પણ ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ મુંબઈમાં ૧૫મી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તેજસ્વી વિદ્યાર્થીઓનું ઈનામ વિતરણ રાખવામાં આવ્યું હતું. જે કાર્ય માટેની પૂર્વ તૈયારી છેલ્લા ૨ મહિનાથી કરવામાં આવી હતી. કાર્યકર્તાઓનો મુખ્ય ધ્યેય કાર્યક્રમની સફળતા અને વિદ્યાર્થીઓની મહેનતને પ્રતિસાદ આપવાનો હતો જેમાં ફક્ત શિક્ષણ ક્ષેત્રે જ નહીં પરંતુ રમત ગમત ક્ષેત્રે ઉજ્જ્વળ વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં હતા. કાર્યક્રમની ખાસ વાત એ હતી કે આ વખતે આ કાર્યક્રમમાં બંને અતિથિ વિશેષ મુંબઈના જ હતા જેમાં કિરણભાઈ














હરસુખલાલ સંચાણિયા (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) અને દિશાબેન દીપકભાઈ પંચાસરા (બી.ટેક. કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ)ને આમંત્રિત કરવામાં આવ્યા હતા.



કાર્યક્રમની શરૂઆત ટ્રસ્ટ કમિટી ૨૦૨૫-૨૦૨૮ ના સભ્ય તેમજ અતિથિ વિશેષ દ્વારા દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી.

આ વખતે વિશ્વકર્મા બાગના ઇતિહાસમાં પહેલીવાર ઉંમરમાં સૌથી નાના અને પોતે હજી વિદ્યાર્થી છે તેવા અતિથિ વિશેષ એટલે આપણા દિશાબેન પંચાસરા. આ વખતે ઇનામ વિતરણની સાથે સાથે એક નવું આયોજન એટલે કે શિક્ષક સન્માન સમારોહ પણ યોજવામાં આવ્યો હતો જેમાં મુંબઈ સ્થિત શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત એવા શિક્ષકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રમુખ સ્થાનેથી શ્રી તુષારભાઈ નાગજીભાઈ કથ્રેચા દ્વારા મોદીજી દ્વારા કરેલ કાર્યની માહિતી ખૂબ બુલંદ રીતે આપી હતી. વિશ્વકર્મા બાગ મુંબઈ સમાજના યુવા કાર્યકર્તાઓને સમાજ લક્ષી કાર્યક્રમોમાં જોડાવા માટે વિનંતી કરી હતી. તેમજ દિશાબેન પંચાસરા અને કિરણભાઈ સંચાણિયા દ્વારા પણ ખૂબ જ સરાહનીય ઉદબોધન કરવામાં આવ્યું હતું અને તાળીઓથી વિશ્વકર્મા બાગ ગુંજી ઉઠ્યો હતો.

ઈનામ વિતરણમાં લગભગ ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રે અને ૩૦ જેટલા વિદ્યાર્થીઓને રમતગમત ક્ષેત્રે પારિતોષિક આપી અને ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરવા માટેના પગલાં ભરવા માટે આશિષ આપ્યા હતા. કાર્યક્રમની વ્યવસ્થા અને આયોજન માટે જહેમત ઉઠાવીને. કાર્યક્રમને
















શિસ્તબદ્ધ બનાવામાં કાર્યકર્તા ભાઈઓ અને બહેનોની મહેનત ઉડીને આંખે વળગી રહી હતી. કાર્યક્રમનું સમસ્ત સંચાલન મિહિર ધ્રાંગધરીયા, ક્રિષ્ના શંખલપરા અને પ્રીતિ પંચાસરા દ્વારા કરવામાં આવ્યું હતું જે ખૂબ જ સરાહનીય હતું. તેમજ મુંબઈ સ્થિત વિશ્વકર્મા દાદા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટના કોર્ડિનેટર તરીકે કમાન સંભાળતાં અલ્પાબેન અનુવાડિયા દ્વારા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા થતા કાર્ય વિશેની માહિતી આપી હતી.

મિહિર ધ્રાંગધરીયાનું સન્માન વિશ્વકર્મા દાદા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જયંતભાઈ જોલાપરા, શ્રી આશિતભાઈ ધોરેચા અને શુભચિંતક શ્રી બટુકભાઈ ભાડેશીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવાનો મુખ્ય ફાળો કોર કમિટી, સચિન વઘાડીયા, અલ્પેશ પંચાસરા, વિરલ ધરવલીયા, અલ્પાબેન અનુવાડિયા, દિલીપભાઈ ધ્રાંગધરીયા, ક્રિષ્ના શંખલપરા, ઉન્નતિ ધ્રાંગધરીયા, મિહિર ધ્રાંગધરીયા, દિપકભાઈ ભારદીયા કાર્યકર્તા ભાઈઓ બહેનો તથા સહ કાર્યકર્તાથી સંપન્ન કરવામાં આવ્યા હતા

ટ્રસ્ટ કમિટી (૨૦૨૫-૨૦૨૮)ના પ્રમુખશ્રી તુષારભાઈ નાગજીભાઈ કથ્રેચા, ઉપપ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ બાબુભાઈ અઘેડા, મંત્રી શ્રી કિરણભાઈ વેલજીભાઈ બકરાણીયા, ખજાનચી શ્રી રાજેન્દ્રભાઈ કરસનભાઈ પંચાસરા, ટ્રસ્ટી શ્રી રમેશભાઈ શામજીભાઈ અંબાસણા, ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ નટવરલાલ બોરાણીયા, ટ્રસ્ટી શ્રી પરેશભાઈ પ્રવીણભાઈ અનુવાડિયા વગેરેના માર્ગદર્શનથી આયોજન થયું.

કાર્યક્રમના અંતમાં ટ્રસ્ટી શ્રી પરેશભાઈ પ્રવીણભાઈ અનુવાડિયા દ્વારા આભાર વિધિ દ્વારા સંપન્ન કરવામાં આવ્યો હતો.





# મુંબઇ વિશ્વકર્મા બાગ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનની તસવીરી ઝલક











# ''ગણપતિ આયો''



- અસ્મિતા વિસરોલિયા, થાનગઢ

''જ્વાલા સી જલતી હૈ આંખે જિસકી,
હૈ બ્રહ્માંડ કા વો સૂરજ એક સવેરા...
હૈ શક્તિ જિસકી સબ પે ભારી,
નામ ઓમકારા હૈ વો સબસે પ્યારા...
દેવા શ્રી ગણેશા દેવા શ્રી ગણેશા..!!!

શ્રી ગણપતિની વંદના કરતું અને શ્રી ગણપતિનો મહિમા ગાતું કેવું સરસ મજાનું આ ગીત છે. દુંદાળા દેવનો મહિમા જ કંઈક અલગ છે. વિઘ્નહર્તા, એકદંતાય, ગૌરીસુતાય, ગણનાથ, લંબોદર,જેવા અનેક નામોથી પૂજાતા શ્રીવિઘ્નહર્તા ગણેશનો જન્મોત્સવ એટલે ગણેશ ચતુર્થી,

આપણો દેશ ભારત એ તહેવારોનો દેશ છે. આપણા દરેક તહેવાર કોઈને કોઈ સામાજિક કે ધાર્મિક સંદેશ લઈને આવે છે. આ દરેક તહેવારોમાં ગણેશ ચતુર્થી એક અનોખું સ્થાન ધરાવે છે.આ માત્ર એક ધાર્મિક તહેવાર નથી, પરંતુ કલા,સંસ્કૃતિ, ભક્તિ, અને સામાજિક એકતાનો અનોખો ત્રિવેણી સંગમ છે. ગણેશ ચતુર્થી એ પુરા દેશમાં ખાસ કરીને મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ખૂબ જ ધામધૂમથી ઉજવાતો આપણો તહેવાર છે. ભગવાન શિવ અને માતા પાર્વતીના પુત્ર બુદ્ધિ અને સમૃદ્ધિના દેવ ભગવાન ગણેશના જન્મોત્સવ તરીકે આપણે ગણેશ ચતુર્થી ઉજવીએ છીએ.

આપણા હિન્દુ પંચાંગ પ્રમાણે ભાદરવા મહિનાની શુક્લ પક્ષની ચતુર્થી એટલે ગણેશ ચતુર્થી. આ દિવસથી ગણેશોત્સવની શરૂઆત થાય છે. જે અનંત ચતુર્દશીના દિવસે ગણપતિ વિસર્જન સાથે પૂર્ણ થાય છે. ગણેશ ચતુર્થીના દિવસે લોકો પોતાના ઘરમાં માટીના બનેલા ભગવાન શ્રી ગણેશની સ્થાપના કરે છે. પ્રસાદ અને ભોગ ધરાવે છે. દરરોજ સવાર સાંજ આરતી ગરબા કરે છે. ''ગણપતિ બાપા મોરિયા ઘીમાં લાડુ ચોરીયા'' ના નારાઓથી ગામ અને શહેરની ગલીઓ ગુંજી ઊઠે છે. ગણેશ ચતુર્થી એક ધાર્મિક તહેવાર નથી પરંતુ એ સમાજને એકતાના તાંતણે બાંધતો તહેવાર છે. લોકમાન્ય બાલ ગંગાધર તિળકે ૧૮૯૩મા બ્રિટિશ શાસન દરમિયાન ભારતીયોને જ્યારે રાજકીય સભાઓ કરવાની મનાઈ હતી, ત્યારે ગણેશ ઉત્સવને સાર્વજનિક સ્વરૂપ આપ્યું હતું, જેથી લોકો ભેગા મળીને દેશની આઝાદી માટે એક થઈ શકે. આજે પણ આ ઉત્સવ સમાજને એકતાના રૂપમાં જોડવાનું કામ કરી રહ્યો છે.

બદલાતા સમય સાથે આ ઉત્સવે પોતાની ભવ્યતા જાળવી રાખીને પર્યાવરણ પ્રત્યેની અનોખી જવાબદારી નિભાવી છે. પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓથી જળાશયોનું અને નદીઓનું પાણી પ્રદૂષિત થતું અટકાવવા માટે લોકો હવે ભહફુ (શાડુની માટી) માંથી બનેલી મૂર્તિઓ સ્થાપિત કરે છે. પ્રકૃતિને ક્ષતિ થતી અટકાવવાનો પૂજાનો આ સાચો સંદેશ છે. અનંત ચતુર્દસીના દિવસે અબીલ-ગુલાલ, ઢોલ-નગારાના તાલે બાપાને વિદાય આપવામાં આવે છે. જ્યારે મૂર્તિનું વિસર્જન થાય છે, ત્યારે દરેક ભક્તોની આંખોમાં અશ્રુધારા વહેતી જોવા મળે છે. આ વિદાય એ વાતનું પ્રતીક છે કે જેનું સર્જન થાય છે તેનું વિસર્જન પણ નક્કી જ છે, અને ઈશ્વર ફરીથી પ્રકૃતિના તત્વોમાં વિલીન થઈ જાય છે.

ગણેશ ચતુર્થી માત્ર ભક્તિ નૃત્ય, સંગીત કે ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ તે નવી આશા, નવા સંકલ્પો અને સકારાત્મકતાનો ઉર્જા સ્ત્રોત છે.

આ ઉપરાંત ગણેશજીના સ્વરૂપમાં વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક રહસ્ય પણ છુપાયેલા છે. ગણપતિ બાપાનું શારીરિક સ્વરૂપ આપણને જીવન જીવવાનું મેનેજમેન્ટ શીખવે છે. તેનું મોટું મસ્તક વિશાળ વિચારસરણી અને વિવેક બુદ્ધિનું પ્રતીક છે. નાની આંખો એકાગ્રતા અને સૂક્ષ્મ અવલોકન શક્તિ દર્શાવે છે. મોટા કાન સ્રોતા બનવાનો અને સારી વાતો જીવનમાં ઉતારવાનો સંદેશ આપે છે. નાનું મોઢું દર્શાવે છે કે ઓછું બોલવું અને શ્રમ વધારે કરવો. લાંબી સુંઢ વાતાવરણ પ્રત્યે સજાગ રહેવાની ક્ષમતા દર્શાવે છે. મોટું પેટ જીવનમાં આવતા સુખ દુઃખના કડવા-મીઠા ઘૂંટ પચાવી જવાનો સંદેશ આપે છે. આમ ગણપતિનું આખું શરીર આપણને જીવન જીવવાની નીતિમતા સમજાવે છે.

ગણેશ ચતુર્થીનો તહેવાર માત્ર ભારત દેશ પૂરતો જ મર્યાદિત નથી. થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયામાં પણ ગણેશ ચતુર્થી ઉજવાય છે. ત્યાં ગણેશને ''ફ્રા ફિકાનેત''તરીકે પૂજવામાં આવે છે. 'ફ્રા' એટલે પૂજનીય અથવા પવિત્ર અને 'ફિકાનેત' એટલે વિઘ્નહર્તા. ઈન્ડોનેશિયાની કરન્સી(નોટ) પર પણ ગણેશજીનો ફોટો છાપવામાં આવે છે. શ્રી દુંદાળા દેવ ગણપતિ વિઘ્નનો નાશ કરનાર છે.

ગણેશ ચતુર્થી એ વહેંચણીનો ઉત્સવ છે. આનંદની વહેંચણી, ભક્તિની વહેંચણી અને સંસ્કૃતિની વહેંચણી,

શ્રીગણપતિ આગમનના સૌને વધામણા

# શ્રાદ્ધ : કૃતજ્ઞતા, પિતૃસ્મરણ અને ઋણમુક્તિનો પવિત્ર પર્વ

ભાદ્રપદ માસના કૃષ્ણપક્ષનું પખવાડિયું શ્રાદ્ધ પક્ષ અથવા મહાલય પક્ષ કહેવાય છે. આ દિવસો એટલે પૂર્વજો અને ઋષિમુનિઓના સ્મરણ-તર્પણના દિવસો. શ્રાદ્ધ એટલે શ્રદ્ધયા યત્ ક્રિયતે તત્. શ્રદ્ધાથી જે અંજલિ આપવામાં આવે છે તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે. જે પિતરોએ અને પૂર્વજોએ આપણા કલ્યાણ માટે ચામડી ઘસી નાખી, લોહીનું પાણી કર્યું, એ સૌનું શ્રદ્ધાથી સ્મરણ કરી તેઓ જે યોનિમાં હોય તે યોનિમાં તેઓને દુઃખ ન પડે, સુખ અને શાંતિ મળે તે માટે પિંડદાન અને તર્પણ કરવાનું.

તર્પણ કરવાનું એટલે તૃપ્ત કરવાના; સંતુષ્ટ કરવાના. જે વિચારો માટે, જે ધર્મ અને સંસ્કૃતિ માટે તેઓએ પોતાનું જીવન ખર્ચી નાખ્યું હોય તે વિચારો, ધર્મ અને તે સંસ્કૃતિ ટકાવી રાખવા આપણે પ્રયત્ન કરીએ; તેઓની આબરૂ, પ્રતિષ્ઠા વધે એવું વર્તન અને જીવન રાખીએ તો તે જરૂર તૃપ્ત થાય. રોજ દેવો, પિતૃઓ અને ઋષિઓની તૃપ્તિ રહે એવું જીવન જીવવું જોઈએ અને



વર્ષમાં એક દિવસ જે પિતૃને, ઋષિને આપણે માન્યા હોય તેમના શ્રાદ્ધ નિમિત્તે આપણા જીવનનું આત્મ-પરીક્ષણ કરવું જોઈએ અને કેટલા આગળ ગયા તથા ક્યાં ભૂલ્યા તેનો વિચાર તટસ્થ રહીને કરવો જોઈએ.

શ્રાદ્ધના દિવસો એટલે કૃતજ્ઞતાપૂર્વક પિતૃઓનું સ્મરણ કરવાના દિવસો. કૃતઘ્નતા જેવું બીજું એકેય પાપ નથી.

બ્રહ્મઘ્ને ચ સુરાપે ચ ચૌરે ભગ્નવ્રતે તથા, નિષ્કૃતિર્વિહિતા લોકે કૃતઘ્ને નાસ્તિ નિષ્કૃતિઃ

''બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી તેમજ વ્રતભંગ આ બધાં પાપોનું પ્રાયશ્ચિત્ત છે પણ કૃતજ્ઞતાનું કોઈ પ્રાયશ્ચિત્ત' નથી. આવા મહાન પાતકમાંથી આપણે બચીએ એટલા માટે આપણા પૂર્વજોએ, ઋષિઓએ શ્રાદ્ધના દિવસો નક્કી કર્યા.

શ્રાદ્ધ પરંપરા જાળવે છે, સાંસ્કૃતિક વારસો જીવંત રાખે છે. નિસર્ગ જેને શરીરથી લઇ જાય છે તેને શ્રદ્ધામય સ્મરણ અમર બનાવે છે. કાળે જેમનો નાશ કર્યો છે પણ કર્મો અને વિચારોએ જેમને ચિરંજીવ બનાવ્યા છે એવા ધર્મવીરો અને કર્મવીરોનું કૃતજ્ઞભાવે પૂજન કરી આ દિવસોમાં કૃતકૃત્ય થવાનું.

માનવજીવન વિવિધ ઋણમૂક્તિ માટે છે. આપણા પર દેવોનું ઋણ છે અને ઋષિઓનું ઋણ છે. આપણો સાંસ્કૃતિક બગીચો મહેકતો અને મઘમઘતો બનાવવા માટે તથા પછીની પેઢીઓ શાંત, કલ્યાણકારી અને પવિત્ર જીવન ગાળી શકે તે માટે તેઓએ પોતાના સુખ-સગવડનું બલિદાન આપ્યું છે. આ નિઃસ્વાર્થ કર્મયોગીઓના ઋણમાંથી મુક્ત થવા આપણે શું-શું કરવું જોઇએ તેનો આ પંદર દિવસમાં વિચાર કરવાનો.

દેવનું સતત ધ્યાન, પૂજન તેમજ સ્મરણ કરનારો દેવનાં ઋણમાંથી મુક્ત થતો જાય છે. 'દેવો ભૂત્વ દેવં યતેત્' દેવ થઈને દેવની પૂજા કરવી જોઈએ. દેવો અજર-અમર અને અભય છે તે માનવે પણ તેવા બનવું જોઈએ. દેવ 'સત્યમ્ શિવમ સુંદરમ્' છે, માણસે પણ આ ગુણોને પોતાના જીવનમાં સાકારિત કરવાનો સંકલ્પ કરવો જોઈએ. જીવન-વિકાસ કરતો કરતો જે દેવની સમીપ જતો જાય છે, દેવનો થતો જાય છે, દેવ થતો જાય છે તે દેવ-ઋણમાંથી મુક્ત થાય છે. તેથી આ ઋણમાંથી મુક્ત થવાની ઈચ્છા રાખનારે સતત દેવના થવા તેમજ દેવ જેવા પ્રભાવાન થવા પ્રયત્ન કરવો જોઈએ.

શ્રાદ્ધના દિવસો એટલે ઋષિતર્પણના દિવસો. ભારતીય સંસ્કૃતિની મહાનતા, ભવ્યતા, દિવ્યતા એ ઋષિઓને આભારી છે. ભારતની આજે પણ વિશ્વમાં કિંમત થાય છે તેનું કારણ આપણા ઋષિઓ છે. ભાવિ પેઢી આનંદમય જીવન જીવે તે માટે નિરપેક્ષ ભાવે લોહીનું પાણી કરી તેમણે દિવ્ય વિચારસરણી આપી. પોતે બળીને લોકોનાં જીવનો પ્રકાશિત કર્યાં. તેથી સમાજ તેમને ઋણી છે. ઋષિઓનું ઋણ અદા કરવા ઋષિના વિચારોનો પ્રચાર કરવો જોઈએ. ઋષિની સંસ્કૃતિ ટકાવવા અને તેનો ફેલાવો કરવા પ્રયત્ન કરવો જોઈએ.

જેમણે આપણને જન્મ આપ્યો. જેમની કૃપાથી આપણે નાનાના મોટા થયા, આપણા કલ્યાણ માટે જેમણે પોતાના સ્વાર્થનો ત્યાગ કર્યો તે પિતરોનું આપણા પર ઋણ છે. કોઈ પણ માનવ નિઃસ્વાર્થ ભાવે આપણું કંઈક કામ કરે, આપણા પર

કંઈક ઉપકાર કરે તો આપણે તેના ઋણી થયા કહેવાઈએ. આપણા પિતરોએ આપણા પર અસંખ્ય ઉપકારો કર્યા છે. તેમને તૃપ્તિ થાય તેવું કંઈક કરવું એ જ પિતૃઋણમાંથી મુકત થવાનો ઉપાય છે. કોઈ કારણવશ પિતા પોતાના જીવનનું નિશ્ચિત ધ્યેય સિદ્ધ ન કરી શકે તો તે સિદ્ધ કરવાની જવાબદારી પુત્રની છે. પુત્ર આ અભિલાષા પૂર્ણ કરે તો પિતા સંતુષ્ટ થાય એ સ્વાભાવિક છે. 'સમ્યક્ તનોતિ - તનુ વિસ્તારે' પિતાએ આપેલા ધ્યેયને આગળ વધારે તે સંતાન આવો પુત્ર જ પિતાનુ સાચુ તર્પણ કરી શકે.

પિતૃતર્પણ એટલે પિતૃઓને યાદ કરી તેમણે આપેલા ધ્યેય તરફ હું કેટલો આગળ વધ્યો તેનું સરવૈયું કાઢવું. જે જન્મે છે તે મરે છે; શ્રાદ્ધના દિવસો એટલે આ અટલ મૃત્યુનો વિચાર કરવાના દિવસે. મૃત્યુને અમાંગલિક ગણીને, મૃત પિતૃઓ અને ઋષિઓને યાદ કરવાના દિવસોને પણ આપણે અમાંગલિક માની બેઠા છીએ. પરંતુ આપણી આ સમજણ ભ્રામક છે. ઊલટું શ્રાદ્ધ પક્ષમાં તો, મારે પણ મારા પિતૃઓની માફક જવાનું છે એનું સ્મરણ કરીને સત્કૃત્યોનું ભાથું બાંધવા તત્પર થવું જોઈએ.

ત્રિવિધ ઋણમાંથી મુક્ત થવાનો આ દિવસોમાં વિચાર કરવાનો, એટલું જ નહીં પણ આપણામાં આ સમજણ આવતાં જ તે બીજાને પણ આપવાની. શ્રદ્ધાથી થાય તે શ્રાદ્ધ, પણ આજે તો સૌ શ્રદ્ધાનું શ્રાદ્ધ કરી બેઠા છે. પરિણામે માનવજીવનના સંબંધો ભાવનાશૂન્ય, મમત્વરહિત અને યંત્રવત્ બન્યા છે. ચાર્વાકની પરંપરાના લોકો આજે પણ શ્રાદ્ધની મશ્કરી કરે છે, પણ તેઓ માનવજીવનને ખરે મર્મ સમજ્યા નથી. પશ્ચિમના ચશ્માથી પૂર્વને જોનાર પૂર્વનું હૃદય શી રીતે સમજી શકે? 'અહીં બ્રાહ્મણોને ખવડાવેલું પિતૃઓને જ પહોંચતું હોય તો મુંબઈમાં ખાધેલું દિલ્હીમાં રહેનારને કેમ નહીં પહાંચતું હોય? એવી એમની દલીલ છે. હિંદની બેન્કમાં ભરેલા નાણાં અમેરિકામાં ત્યાંના ચલણમાં પ્રાપ્ત થાય છે, મુંબઈના સ્નેહીનો અવાજ ટેલિફોન પર તેવોને તેવો કલકત્તામાં સાંભળી શકાય છે તો પછી ભક્તિભાવથી શુદ્ધ અંતઃકરણથી અને અનન્ય શ્રદ્ધાથી કરેલું શ્રાદ્ધ મંત્રશક્તિના જોરે પિતૃઓને તૃપ્તિ આપતું હશે એ વાત આધુનિક ચાર્વાકોના મગજમાં કેમ નહીં ઘુસતી હોય એ એક પ્રશ્ન છે. તેઓની આ ભ્રાંત અને ભૂલભરેલી સમજણને દૂર કરી કૃતઘ્ન બનતા રહેલા એ સૌને પૂતર બનાવવાનું કામ સમજદાર લોકોનું છે. તે કરવા પ્રભુ આપણને શક્તિ આપે એ જ પ્રાર્થના! (**'સંસ્કૃતિ પૂજન'માંથી સાભાર**)

# કાર્ટુનિસ્ટ કાંતિભાઇ વઘાડીયા(વિશ્વકર્મા જગત)નું સન્માન






ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ એસોસિયેશન ગુજરાતના ઉપક્રમે ગત તા. ૧૫મી ઑગસ્ટના રોજ કર્ણાવતી આર્ટ ગેલેરી અમદાવાદ ખાતે સ્વ ચિત્રકાર નીમા ચિત્રસર્જન- ૨૭ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મહેમાનપદે ચિત્રકાર વૃંદાવન સોલંકી, કવિ અને ચિત્રકાર માધવ રામાનુજ, ચિત્રકાર અશોક ખાંટ, અરવિંદ પટેલ, શારદાબેન પટેલ, ગુજરાતી ફિલ્મ અને ટીવી કલાકાર હેમા મહેતાને આમંત્રિત કર્યા હતા.

કાર્યક્રમમાં જુદીજુદી શાળાના ૪૦૦ બાળકો, જાણીતા ચિત્રકારોએ ચિત્ર સર્જન ઉપરાંત ધ્વજવંદન કર્યુ હતું.

મહામંત્રી અરવિંદ વાકાણીએ જણાવ્યું હતું કે પ્રતિવર્ષની જેમ ૧૫ મી ઑગસ્ટના રોજ આ ૨૭ મો કાર્યક્રમ છે, દર વર્ષે ઉચ્ચ સિદ્ધિ મેળવનાર નામાંકિત કલાકારોનું પુષ્પગુચ્છ, સર્ટિફિકેટ અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવે છે.

જેમાં આ વર્ષે કાર્ટુનિસ્ટ કાન્તિભાઈ ગજ્જર (વઘાડીયા) તથા ૧૨ કલાકારો નું સન્માન કર્યુ હતુ.

આ કાર્યક્રમમાં ઉદ્યોગપતિ કરશનભાઈ પટેલ (નિરમા), અંબુભાઈ પટેલ(કાલુપુર કોમર્શિયલ કો. બેંક), નાનાલાલ મંડપવાળા, એન. દેસાઈ, ડોલીબેન દેસાઈ, કમલાદેવી કાબરા દ્વારા ઈનામો તથા આર્થિક સહયોગ મળ્યો હતો.

એસોસિયેશનના પ્રમુખ અજીતભાઈ પટેલ, મંત્રી અરવિંદભાઈ વાકાણી, ચિત્રકાર અશોક ખાંટ, કાર્ટુનિસ્ટ કાન્તિભાઈ ગજ્જર, ચિત્રકાર ભાવેશભાઈ ઝાલા, ઉપરાંત અન્ય મહાનુભાવોએ પ્રવચન કર્યુ હતું. તેમજ નયનાબેન મેવાડા, હંસાબેન પટેલનું વિશેષ સન્માન કર્યુ હતું

# ઋષિ-પંચમી : ઋષિ-પરંપરા, ચિંતન અને સંસ્કારને વંદન કરવાનો પવિત્ર પર્વ

ભાદરવા સુદ પાંચમને દિવસે ઋષિ-પંચમીનું વ્રત કહેલું છે. તે દિવસે 'જ્ઞાનથી અથવા અજ્ઞાનથી રજસ્વલા અવસ્થામાં કરેલા સ્પર્શનો દોષ દૂર કરવા માટે અને અરૂંધતી સહિત કશ્યપ વગેરે સાત ઋષિઓને પ્રસન્ન કરવા માટે હું સપ્તષિઓનું પૂજન કરીશ.' એવો સંકલ્પ કરી પૂજા કરવાનો પૌરાણિક આદેશ છે. તેના પરથી આ વ્રત માત્ર સ્ત્રીઓએ જે કરવાનું છે એવી એક ભ્રાંત કલ્પના પણ સમાજમાં ઊભી થઈ. ઋષિ તો સ્ત્રી-પુરૂષ બધાનો છે; તેથી સૌએ તેની પૂજા કરવી જોઈએ. ઋષિએ માનવને માનવ બનાવ્યો છે; ઋષિએ તેને જીવન આપ્યું છે; ઋષિએ જ તેનામાં સંસ્કારોની પ્રતિષ્ઠા કરી દેવત્વ પ્રગટાવ્યું છે. તેથી ઋષિ-પંચમીના દિવસે માનવે સપ્તર્ષિઓનું ભાવપૂર્વક સ્મરણ કરી, તેમને અંતઃકરણપૂર્વક નમસ્કાર કરી, દિલના વિશુદ્ધ ભાવથી તેમનું પૂજન કરવું જોઈએ.



'નમોસ્તુ ઋષિવૃંદેભ્યો દેવર્ષિભ્યો નમો નમઃ સર્વપાપહરેભ્યો હિ વેદવિદ્‌ભ્યો નમો નમઃ'

'કશ્યપોડત્રિર્ભરદ્વાજો વિશ્વામિત્રસ્તુ ગૌતમઃ જમગ્નિર્વસિષ્ઠશ્ચ સપ્તૈતે ઋષયઃ સ્મૃતાઃ'

'કશ્યપ, અત્રિ, ભરદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને વસિષ્ઠએ સાત ઋષિઓ કહેલા છે.'

'એતે સપ્તર્ષયઃ સર્બે ભકત્યા સંપૂજિતા મયા, સર્વે પાપં વ્યોહંતુ જ્ઞાનતોડજ્ઞાનતઃ કૃતમ્'

'મેં ભક્તિથી સર્વ સુપ્તર્ષિઓની પૂજા કરી, માટે તે ઋષિઓ જ્ઞાન અથવા અજ્ઞાનથી થયેલાં મારાં પાપને દૂર કરો.

'ઋષતિ-ગચ્છતિ સંસારપારં ઇતિ' એવી ઋષિની વ્યાખ્યા છે. ઋષિની આંખ સામે સંસારના ઈહપારલૌકિક કલ્યાણનું સ્પષ્ટ દર્શન હોય છે. ઋષિ, માનવનો સાચો આપ્તજન છે કારણ કે રાગદ્વેષને વશ થઈને તે અન્યથા એટલે કે ખોટી સલાહ કોઈને આપતા નથી. ઋષિ- ચિંતનમાં માનવને બદલવાની હિંમત છે કારણ કે ઋષિની બુદ્ધિ ઇશ - સમર્પિત હોય છે. ઋષિ પોતાને મંત્ર - કર્તા નહીં પણ મંત્ર-દ્રષ્ટા ગણે છે. 'ઋષયઃ મંત્ર-દ્રષ્ટારઃ ન તુ કર્તારઃ' માનવ બુદ્ધિમાંથી નિર્માલ થયેલો વિચાર માનવને બદલે કે ન બદલે પરંતુ ઈશ - સમર્પિત ઋષિની બુદ્ધિમાં ઈશકૃપાથી સ્ફુરેલો વિચાર સમગ્ર માનવને બદલાવી શકે એ નિર્વિવાદ ઘટના છે.

ઉત્તર રામચરિતમ્‌માં ભવભૂતિ લખે છેઃ

'લૌકિકાનાં હિ સાધૂનામંર્થ વાગનુબર્તતે, ઋષીણાં પુનરાધાનાં વાચમર્થોડનુધાવતિ'

'સામાન્ય લૌકિક સાધુઓ કે સજ્જનો અર્થનો વિચાર કરીને વાણી ઉચ્ચારે છે. પરંતુ આદ્ય ઋષિઓની વાણી પાછળ તો અર્થ સ્વયં દોડતો આવે છે.' આવા મહાપુરૂષોની વાણી પર સવાર થવા મળે એ કેમ જાણે અર્થને પોતાનું સૌભાગ્ય લાગતું નથી. 'વાસ્તેધા સ્વૈરકથા, તા એવ ભવન્તિ શાસ્ત્રાણિ' -આવા મહાપુરૂષોની સહજ વાતો પણ શાસ્ત્રોનું રૂપ ધારણ કરી લે છે. આવા મહાપુરૂષોનું કથનં એ જ કવન હોય છે તેથી જ તો આપણા ઉપનિષદોમાં સાચા ઋષિને કવિ તરીકે બિરદાવ્યા છે. 'કવિર્મનીષી પરિભૂઃ સ્વયંભૂ'

ઋષિને માનવ-સમાજ પર અંતઃકરણનો પ્રેમ હોય છે. ઋષિને વિશ્વ પોતાના ભગવાનનું લાગે છે. પતિવ્રતા સ્ત્રી જેમ પતિના ઘરને સ્વચ્છ અને સારું રાખવાને પ્રયત્ન કરે છે તેમ ઋષિ પણ પોતાના સ્વામી એવા ભગવાનના ઘરને-જગતને વિશુદ્ધ રાખવા અહર્નિશ પ્રયત્ન કરતો રહે છે. તેની સમાજસેવા કે જગતસુધારણા ભક્તિના પેટમાંથી જન્મે છે અને તેના પાયામાં પ્રભુપ્રેમ હોય છે. જગતના અધઃપતનથી ઋષિને વ્યથા થાય છે, તેનું અંતઃકરણ રડી ઊઠે છે પણ ક્યારેક ક્યારેક આ ઋષિ અધઃપતિત સમાજ પર ચિડાયેલો પણ દેખાય છે પરંતુ એ ચીડ પ્રેમમાંથી પ્રગટેલી હોય છે. પ્રેમ ન હોય તો ચીડ ન ચડે. દીકરાનું અધઃપતન જોઇને બાપને જ ચીડ ચડે, નહીં કે પાડોશીને જે માણસ વિકાસને માટે રડે તેનું રૂદન વિષાદ-યોગ કહેવાય અને જે માનવ જગતનું સાંસ્કતિક અધઃપતન જોઇને ચિડાય તેમી ચીડ એ પુણ્ય-પ્રકોપ ગણાય. આવા માનવનો શોક શ્લોક બની જાય અને એની ચીડ એને ચિંતનશીલ બનાવે.

સામાન્ય રીતે દુઃખમાંથી કંટાળો નિર્માણ થાય છે અને ચીડ-માંથી વેર નિર્માણ થાય છે; પરંતુ તેમ ન થતાં સમાજની અધઃપતિત સ્થિતિ જોઈને દુઃખી થયેલો તેમજ ચિડાયેલો માણસ ચિંતનશીલ થવો જોઈએ, ચિંતનશીલ માણસનો આત્મવિકાસ થાય અને તેની વિચાર-પ્રભા વધે, સમાજને આ માણસ જુદા જુદા વિચારો આપે-

આવા માનવને જ બ્રહ્મર્ષિ કહેવાય. આવા મહાપુરુષોના વિષાદમાંથી જ આપણને આપણી ઉત્તમ ગ્રંથ-સંપદા સાંપડી છે. 'ક્રૌંચમિથુન' માંથી પારધી વડે એકનું હનન થતાં જ વ્યથિત અને ક્રુદ્ધ મહર્ષિ વાલ્મીકિએ શાપવાણી ઉચ્ચારીઃ

'મા નિષાદ પ્રતિષ્ઠા ત્વં અગમઃ શાશ્વત્તી સમા, યત્ ક્રૌંચમિથુનાદેંક અવધીઃ કામમોહિતમ્'

અને આ આર્ષવાણી અમર બની અને એ જ અનુષ્ટુપ છંદ-ધારામાં આપણને રામાયણ જેવું ચિંતનીય કાવ્ય સાંપડ્યું. સીતાનો ત્યાગ કર્યા - પછી વ્યથિત રામને મહર્ષિ વસિષ્ટ આશ્વાસન આપે છે. તેમનો સંવાદ 'યોવાસ્ષ્ઠિ'માં પરિણમ્યો. આ રીતે રામ-વિષાદ એ યોગવાસિષ્ઠના સર્જનમાં કારણભૂત બન્યો. પુત્ર-વિરહના શોકે મહર્ષિ વ્યાસને ગાતા કર્યા અને તેમાંથી જ ભાગવત પુરાણ સર્જાયું. તે જ રીતે કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનના દિલમાં પેદા થયેલો વિષાદ ગીતા-વહનનું કારણ બન્યો. દુઃખ, વ્યથા કે પુણ્ય-પ્રકોપ જો ચિંતા, ચીડ કે વેરનં કારણ ન બનતાં ચિંતનશીલ અને તો કેવી મહાનતા સર્જી શકે એ ઉપરોકત સર્જનો આપણને સૂચવે છે.



આજે વિચાર બધાને જોઈએ છે પણ મનોકામનાની પૂર્તિ માટે અને પ્રતીપક્ષીનું ખંડન કરવા માટે. તેથી વિચાર એ ગુલામ બન્યો છે. વિચાર, જ્ઞાન એ સાધન બન્યું છે અને કામનાઓ સાધ્ય બની છે. જ્ઞાન કામનાપૂર્તિને માટે નહીં પરંતુ કામના નિયંત્રણ માટે હોવું જોઈએ ચિંતનશીલતામાંથી વિશુદ્ધ વિચાર પ્રગટે, ચિંતનશીલતામાંથી બ્રહ્મર્ષિપણું આવે. જેમનું મોઢું જોયા પછી બીજા સેંકડો લોકોને કામ કરવાની પ્રેરણા મળે તે બ્રહ્મર્ષિઓ.

બે પણ ઋષિને એક પ્રકાર છે. તેને પણ સમાજની સ્થિતિ જોઈને દુઃખ થાય છે તેથી સમાજ સુધારણા કરવા, સંસ્કૃતિ ટકાવવા, પ્રભુ વિચારો ટકાવવા આ લોકો પૈસા કમાવે, સત્તા હાથમાં લે. આવા લોકો એ જ આપણું રાજર્ષિઓ. કૃતિશીલતામાંથી રાજર્ષિપણું આવે. સમાજનું સાંસ્કૃતિક અધઃપતન થયું હોય તેવા અગવડના સમયે છે જે માણસ પોતાનો પૈસો પ્રભુને માટે વાપરે તે રાજર્ષિ. રઘુ એ રાજર્ષિ છે; તેણે પોતાની બધી સંપત્તિ તપોવનના ગુરુકાર્યાર્થ દાનમાં આપી દીધી. રાજર્ષિઓને પણ બ્રહ્મર્ષિઓની પ્રેરણા હોય છે. મહર્ષિ વસિષ્ઠ અને રાજર્ષિ અજનો શ્રેષ્ઠ સંબંધ વર્ણવતાં મહાકવિ કાલિદાસ રઘુવંશમાં લખે છે કે :

'સ બભૂવ દુરાસદઃ પરૈર્ગુરુણાથર્વવિદા કૃતક્રિયઃ પવનાગ્નિસમાગમો હ્યયં સહિતં બ્રહ્મ યદસ્ત્રતેજસા'

'અથર્વવેદના જાણકાર વવસિષ્ઠે જ્યારે એનો (અજનો) રાજ્યાભિષેક કર્યો ત્યારે તે એટલો તો તેજસ્વી બની ગયો કે તેના બધા શત્રુઓ તેનાથી કાંપવા લાગ્યા. કારણ કે જ્યારે ક્ષાત્રતેજ જોડે બ્રહ્મતેજ ભળે છે ત્યારે તે એવું સશક્ત બની જાય છે કે જાણે પવનનો સાથ મળતાં જ ભભકી ઊઠેલો અગ્નિ!' રાજર્ષિની શક્તિ અને બ્રહ્મર્ષિની પ્રેરણા જીવન પરિવર્તનની સાધક બને એ તદ્દન સ્વાભાવિક છે. બ્રહ્મર્ષિ તે કે જેની બુદ્ધિ ઈશ-સમર્પિત છે અને રાજર્ષિ તે કે જે પોતાની સત્તા અને સંપત્તિને ઉપયોગ કેવળ પ્રભુકાર્યને માટે જ કરે. (સારા કામને માટે પણ નહીં -એમ તો દર્યોધન અને રાવણે પણ ઘણા (કામો કર્યા હતાં) એકમાં ચિંતનશીલતાનું પ્રાધાન્ય છે જ્યારે બીજામાં કૃતિશીલતાનું. રામ એ વૃક્ષ છે તો વસિષ્ઠ એ મૂળ છે. અંગિ બ્રહ્મર્ષિ છે તો મરૂત, એ રાજર્ષિ છે.

ઋષિનો એક ત્રીજો પ્રકાર છે જે દેવર્ષિ કહેવાય છે. એવું સમાજની સ્થિતિ જોઈને દુઃખ અને ચીડ નિર્માણ થાય છે. શીલતામાંથી આત્મવિકાસ સાધવાની શક્તિ કદાચ તેનામાં નહિ હોય કૃતિશીલ રાજર્ષિ થવાનું પણ ભાગ્યવશાત્ કદાચ તેને શક્ય નહિ પણ આ માણસમાં દેવ, દાનવ, માનવ બધાના ઘરમાં ઘુસી પ્રભાવ ધારવાની કુશળતા હોય છે. નારદ આ પ્રકારના દેવર્ષિ છે. ? દિવસે ચિંતનશીલ બ્રહ્મર્ષિ, કૃતિશીલ રાજર્ષિ અને કુશળ આપણને સંદેશ આપે છે કેઃ

બ્રહ્મર્ષિ થઈને તું ચિંતન પ્રગટાવજે, રાજર્ષિ રૂપે તું વૈભવ વહાવજે; દેવર્ષિ થઈ સૌનાં દિલને હલાવજે, મનડું પ્રભુના ચરણમાં તું રાખજે!

આ રીતે સર્વમાન્ય અને સર્વગ્રાહ્ય એવા ઋષિની પૂજા સમાજે કરવી જોઈએ. પરંતુ તેમાં પણ સ્ત્રીને વિશેષ મહત્ત્વ આ કંઈ સાવ નિરર્થક તો નથી. સ્ત્રી જાતિ ઉપર ઋષિના સવિશેષ પણ છે. ભારતવર્ષની આદ્ય જનની સીતાનો જ્યારે રામે ત્યાગ્યા ત્યારે મહર્ષિ વાલ્મીકિએ જ આપન્નસત્ત્વા એવી તેને પોતાના રાખી, તેની દેખભાળ કરી. તેનાં સંતાનો લવ અને કુશ છત્રછાયામાં ઊછર્યાં અને તેમણે પોતાનાં જીવનમાં જ્ઞાન તેમજ અસ્મિતા અને સમર્પણનો સુયોગ સાધ્યો. આ બધો શ્રેય વાલ્મીકિને ફાળે જાય છે એટલું જ નહીં પરંતુ સીતા વિશે પવિત્ર છે એ વાત અગ્નિપરીક્ષા પછી પણ રામ સમાજને ન શક્યા તે વાત પ્રાચેતસ વાલ્મીકિએ પોતાની તપઃસ્વાધ વાણીથી જનતાને કહેવાની હિંમત દેખાડી. સીતા હંમેશાં નારીનો આદર્શ રહી છે તો અગવડમાં તેની સાથે ઊભો રહે સ્ત્રી જાત માટે વંદ્ય બની રહે તેમાં શું આશ્ચર્ય?

ભારતદેશનું નામ જેના નામ પરથી પડયું તે ભરતની જનની શકુન્તલા પણ ઋષિની છત્રછાયમાં ઉછરી છે. તેનું નિર્દોષ બાલ્ય પાલક પિતા કણ્વના આશ્રમમાં વીત્યું. કણવે તેને પાળીપોષીને મોટી કરી યૌવનના ઉમંગોને તેણે તે જ આશ્રમભૂમિમાં માણ્યા. ઋષિના આશ્રમનું એક અંગ બની ગયેલી તે, એ તપોભૂમિમાં નિસર્ગ કન્યા બનીને વિહરતી રહી. દુષ્યન્તથી નકારયેલી તે પાછી મરીચિ ઋષિના આશ્રમમાં સ્થાન પામી. ત્યાં તેનું પ્રૌઢત્વ પાંગર્યું, તપશ્ચર્યાના અગ્નિએ તેના પ્રેમને વિશુદ્ધિ બક્ષી. તેના પુત્ર ભરતને પણ તપોવનમાં ઉછરવાનું સૌભાગ્ય સાંપડયું. ભારતની નારી પર સતત ઋષિઓની છત્રછાયા રહે અને તેમના સંતાનોમાં ઋષિઓના સંસ્કારો સતત જીવતા અને જાગતા રહે તેવી પ્રાર્થના આજના દિવસે ભગવાનના ચરણે કરવી એ ઉચિત ગણાય. **('સંસ્કૃતિ પૂજન'માંથી સાભાર)**

# દ્રઢનો રૂઢને પડકાર

શાંતિભાઈ ખોડદીયા



-Youth is a powerful time of energy, big dreams, fresh hope determination-" -આયુનો નિયમ છે અવિરત વધવાનો..આજનો શૈશવ કાલનો યુવાન છે અને આ યુવાન પરમદિવસનો વૃધ્ધ છે. બાલ્યાવસ્થા નિર્દોષ્તા અને નિશ્ચિંતતાથી છલ્લોછલ્લ ભરેલ હોય છે.દુનિયાના દાવપેચ અને કાવતરા. જેનાથી જોજનો દુર એવો આ માણસ જ્યારે યુવાનીમાં પ્રવેશે કે તુરંત સપના અને શમણાનો રંગીન માર્ગ શરૂ થાય. પડકાર ઝીલવો, રણશીંગું ફુંકવુ, સાહસ કરવું અને હાર ન માનવી એ યુવાવસ્થતાની સહજતા હોય છે. સત્ય અને ન્યાય માટે મરી ફીટવું એ આ વયની પ્રકૃતિ હોય છે. ઈતિહાસ સાક્ષી છે કે ક્રાંતિ અને બદલાવનો પ્રણેતા હમેંશા યુવાન જ રહ્યો છે. આ દેશ જયારે અંગ્રેજોની ગુલામીની ઝંઝીરોથી ત્રસ્ત હતો ત્યારે મા ભોમના કાજે બંદુકની ગોળીઓ સામી છાતીએ ખાય અને યુવાનોએ પ્રાણની આહુતિ આપેલ છે. ભગતસિંગ, ચંદ્રશેખર આઝાદ, મંગલપાંડે, રામપ્રસાદ બીસમીલ, અસફુલ્લાખાન, સુભાષચંદ્ર બોઝ જેવા અનેક સલામી બેમિસાલ ઉદાહરણો તવારિખના સોનેરી પાને છે. Older man declares war.But it is youth that must fight prepare to die યુવાનોનો સુરજ આથમતા અનુભવ અને ડહાપણનો ભંડાર ભરપુર થાય, પરંતું, અફસોસ! દોષો, છલકપટ, દાવપેચ, દગો અને સ્વાર્થના કચરાથી ગઈકાલના ઝળહળતા ભવન પર લુણો લાગી જાય છે. આધિપ્યતા, અહંકાર અને અનધિકૃત લાભ માટે અન્ય વ્યકિત, સમાજ, સંસ્થા કે ઘેરાવને અતિશય હાની પહોંચાડવામાં આ વર્ગ લેશમાત્ર પણ અચકાતો નથી. આવા કંઈક તાદ્રશ્ય ઉદારહણો આપણી આસપાસ જોવા મળશે.પણ અધિકાર અને સત્ય ખાતર યુવાનો જ આવા ખઈબદેલા તત્વોને જેર કરતા હોય છે. 'ડગલું ભર્યું કે ના હઠવું,ના હઠવું' સ્વભાવ ધરાવતું યુવા નેતૃત્વ અક્ષરસઃ આશાન્વિત હોય શકે. લોકસમુહ મુંગો અને અંધ બને ત્યારે સમાજ અને સંસ્થા આવરા બને છે. કહેવાય છે કે સમાજને સજ્જનોના મૌનથી જેટલુ નુકસાન થાય છે તેટલુ નુકસાન દુર્જનોના કુકર્તવ્યથી નથી થતું. રૂઢ વિચારો, ભ્રષ્ટાચાર, અંધશ્રદ્ધા અને બદલાવ સામે તરવરિયો યુવાન જ રણશિંગું ફુંકી શકે.' મારે શું અને મારૂ શું ?ની ખુદગર્જી માર્ગને સૌને ત્યાગવો એ સમયનો તકાજો છે. સાવધાન! શિક્ષણની માત્રા પ્રમાણમાં વધી છે. દુનિયાના દેશો નજદીક આવી ગયા છે. તર્ક અને સરખામણીથી આજનો યુવાન સતત વિશ્લેષણ કરે છે..સારા-નરસાની તેને પરખ છે..તો ગુમરાહ કરતા ભોમિયાઓને આ લાલબતી છે. એટલે સ્વભલાઈ છે કે તક મળી હોય તો સમાજને કલ્યાણકારી નેતૃત્વ આપજો, જરૂરિયાત મંદના હામી બનજો,પંચનો ખજાનો સુરક્ષિત રાખજો અને આ શક્ય ન હોય તો પદત્યાગ કરી સમાજના કૃતજ્ઞ બનજો નહી તો અંતરરૂધંતી શીલા એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે ? દરિદ્રની એ ઉપહાસલીલા સંકેલવા, કૌટિક જીભ ફેલતો, ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે; ખંડેરની ભસ્મકણીના લાધશે. 'ઉમાશંકર જોષી-' યુવાનની હાકલ- ''ભીડમેં ખડા હોના નહી હૈ મકસદ મેરા ભીડ જીસકે લીયે ખડી હો વો બનાના મુઝે-''

## માનવ જીવન માટે આશીર્વાદ પદ્ધતિ એટલે યોગ

# પ્રાણાયામ : શ્વાસથી સ્વાસ્થ્ય અને મનની શાંતિ તરફનો માર્ગ



- કિરણ એચ. બકરાણીયા
(મો. ૯૫૧૨૧૭૨૨૪૩)

જય વિશ્વકર્મા મિત્રો યોગના અંકમાં આજે આપણે પ્રાણાયામનો પરિચય, મહત્વ અને પ્રકારો વિશે જાણીશું. યોગમાં આસનોનું જેટલું મહત્વ છે. તેટલું જ પ્રાણાયામનું છે. પ્રાણાયામ ઘણા જ પ્રકારના છે. તેમાંથી થોડા પ્રાણાયામ જે આપણી રોજીંદી દીનચર્યામાં ઉમેરી શકાય તેના વિશે માહિતી મેળવશું.

**પ્રાણાયામનો પરિચય :**

પ્રાણાયામ યોગની એક મહત્વપૂર્ણ ક્રિયા છે. પ્રાણ એટલે શ્વાસ અને આયામ એટલે વિસ્તાર, નિયંત્રણ અથવા નિયમન. પ્રાણાયામનો સામાન્ય અર્થ શ્વાસનું નિયંત્રણ એવો થાય છે. પ્રાણાયામમાં શ્વાસને પુરક, રેચક અને કુંભકની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

પુરક એટલે શ્વાસને ભરવો

રેચક એટલે શ્વાસને છોડવો

કુંભક એટલે શ્વાસને રોકવો.

નિયમિત અને યોગ્ય રીતે પ્રાણાયામ કરવાથી શરીર, મન અને શ્વાસ વચ્ચે સંતુલન જાળવવામાં મદદ મળે છે.

**પ્રાણાયામનું મહત્વ :**

પ્રાચીન ભારતીય યોગ પરંપરામાં પ્રાણાયામને શારીરિક અને માનસીક સ્વાસ્થ્ય માટે ખુબ મહત્વ આપવામાં આવ્યું છે. આજના સમયમાં પણ વિવિધ શ્વાસની કસરતોનો ઉપયોગ આરામ, એકાગ્રતા અને તણાવ ઘટાડવા માટે કરવામાં આવે છે. પ્રાણાયામ આપણને શ્વાસને ધીમો, ઉંડો અને નિયત્રિત કરવામાં મદદ કરે છે. નિયમિત અભ્યાસથી વ્યકિત પોતાના મનને શાંત રાખવાની અને ધ્યાન કેન્દ્રિત કરવાની ટેવ વિકસાવી શકે છે.

**પ્રાણાયામના પ્રકારો :**

**(૧) અનુલોમ વિલોમ :** આ પ્રાણાયામમાં એક નાસિકાથી શ્વાસ લેવાનો અને બીજી નાસીકાથી શ્વાસ છોડવામાં આવે છે.



- કમર, ગરદન સીધી રાખી પદમાસન, વ્રજાસન અથવા સુખાસન તમને અનુકુળ સ્થિતિમાં બેસો.

- જમણી નાસીકા બંધ કરી ડાબી નાસીકાથી શ્વાસ લો.

- ડાબી નાસિકા બંધ કરી જમણી નાસિકાથી શ્વાસ છોડો.

- જમણી નાસિકાથી શ્વાસ લો અને ડાબી નાસિકાથી છોડો.

આ ક્રિયા ધીમે અને આરામથી કરો. કોઇપણ વ્યકિત આ પ્રાણાયામ કરી શકે છે. શ્વાસને તમારી ક્ષમતા મુજબ લેવો અને છોડવો.

**(૨) કપાલભાતી પ્રાણાયામ :** આ પ્રાણાયામમાં મુખ્યત્વે ઝડપથી અને સક્રિય રીતે શ્વાસને બહાર કાઢવામાં આવે છે.



- સીધા બેસો કમર ગરદન સીધી

- સામાન્ય રીતે શ્વાસ અંદર લો.

- શ્વાસને બહાર છોડો.

- નાક દ્વારા જોરથી શ્વાસ છોડો એટલે પેટ આપમેળે અંદર જાશે.

- આમાં સતત શ્વાસ છોડવાની જ ક્રિયા કરવાની છે. શરૂઆતમાં ૨૦ સ્ટ્રોક એવા ૩ રાઉન્ડ કરી શકાય છે. આ પ્રાણાયામ હાઇ બી.પી. અને હાર્ટના પેસેન્ટે ન કરવો જોઇએ. ફેફસાની તકલીફ વાળા વ્યકિતને પણ ન કરવો.

**(૩) ભ્રામરી પ્રાણાયામ :** ભ્રામરીનો અર્થ મધમાખી થાય છે. આ પ્રાણાયામમાં શ્વાસ છોડતી વખતે મધમાધી મ... અવાજ કરવામાં આવે છે.

- આરામથી બેસો.
- આંખો બંધ કરો.
- ઉંડો શ્વાસ લો.
- શ્વાસ છોડતી વખતે મ.... અવાજ કરો.
- અવાજના કંપન ઉપર ધ્યાન કેન્દ્રિત કરો.
- આ પ્રક્રિયાનું પુનરાવર્તન કરો.
- આ પ્રાણાયામ બધા જ વ્યકિત કરી શકે છે.

પ્રાણાયામ સામાન્ય રીતે સવારે શાંત વાતાવરણમાં સ્વચ્છ, હવાદાર જગ્યાએ ખાલી અથવા હળવા પેટે કરવા જોઇએ.

# ખર્ચાળ સમુહ લગ્નોત્સવ કરતા આદર્શ લગ્ન શ્રેષ્ઠ છે : અમુભાઇ ભારદીયા



## માધવીબેન બદ્રકીયા સહિતના ચારેય નગરસેવકોએ ઉપસ્થિત રહી આયોજકોને અભિનંદન આપ્યા

- પ્રવીણ ગજ્જર








સમાજના સર્વાંગી વિકાસના ધ્યેયને વરેલી સંસ્થા ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર એટલે કે જીએચપી ગ્રુપ દ્વારા ગુર્જર સુતાર પ્રગતિ મંડળ ખાતે ૨૩માં આદર્શ લગ્નોત્સવની મંગલમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. આ આદર્શ લગ્નોત્સવમાં જોડાયેલા સ્વ. રમાબેન તથા સ્વ. વૃજલાલ એમ. ભારદીયાના પુત્ર ચિ. પ્રતિક અને શ્રીમતી ઉમાબેન તથા દિનેશભમાઇ હેમરાજભાઇ મહેમદાવાદીયાની પુત્રી ચિ. આરતીને આશીર્વાદ આવા રવિ ટેકનોફોર્જના ચેરમેન અમુભાઇ ભારદીયા અને ડુનેક્ષવાળા કિશોરભાઇ ખંભાયતા સહિતના આદર્શલગ્નના દાતાઓ અન્ય દાતાઓ તેમજ આ વિસ્તારના બીજેપીના ચારેય કોર્પોરેટરો માધવીબેન બદ્રકીયા, સોનલબેન સેલારકા, પંકજ લુણાગરીયા અને મોહીતસિંહ જોડેજા ઉપસ્થિત રહયા હતા અને નગરસેવિકા માધવીબેન બદ્રકીયા, અને સોનલબેન સેલારકાના હસ્તે કન્યાને ભેટ અપાઇ હતી.

શ્રી અમુભાઇ ભારદીયાએ નવદંપતિઓને આશીર્વાદ આપવાની સાથે મા-બાપને ભગવાન ગણી અને ઘરને જ મંદિર ગણવાની શીખ આપી હતી. સાથોસાથ લખલુંટ ખર્ચે થતા સમુહલગ્ન કરતા આ પ્રકારના આદર્શ લગ્ન જ શ્રેષ્ઠ હોવાનું જણાવી ટુંકાગાળામાં ૨૩ જેટલા આદર્શ લગ્નનું આયોજન કરવા બદલ જીએચપીના પ્રમુખ યોગીન છનિયારા અને તેની ટીમને























અને પ્રગતિ મંડળના અધ્યક્ષ અરવિંદભાઇ ગજજરઅને તેમની ટીમને અભિનંદન આપ્યા હતા. જીએચપી ગ્રુપના આદર્શલગ્નને બિરદાવવાની સાથે તેઓએ આવતા વર્ષે એટલે કે જાન્યુઆરી-૨૭થી થનાર ૫ આદર્શ લગ્ન માટે શ્રી રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશન તરફથી સંપૂર્ણ ખર્ચ અનુદાન પેટે આપવાની જાહેરાત કરી હતી.



આદર્શ લગ્નોત્સવમાં આદર્શ લગ્નોત્સવ માટેનો સંપૂર્ણ ખર્ચ આપનાર દાતાઓ શ્રી અમુભાઇ ભારદીયા (છ આદર્શ-૨૦૨૬ - ૫ આદર્શ લગ્ન-૨૦૨૭ના દાતા), શ્રી કિશોરભાઇ ખંભાયતા (બે આદર્શ લગ્નના દાતા), શ્રી આનંદ ધનજીભાઇ અને અમૃતભાઇ પંચાસરા, શ્રી મગનભાઇ બોરાણીયા અને ગુ.સુ. પ્રગતિ મંડળ સત્સંગ મંડળનું શ્રી યોગીનભાઇ છનિયારા અને અરવિંદભાઇ ગજજરના હસ્તે સન્માન કરાયું હતું.

આ ઉપરાંત અન્ય દાતાઓ બિપીનભાઇ પંચાસરા, નંદનભાઇ વાલંભીયા, જયેશ મહેમદાવાદીયા, પ્રફુલ ચંદ્રેશા અમરેલીના કમલેશભાઇ બકરાણીયા, જમનભાઇ સીનરોજા અને વાલજીભાઇ ગંગાજળીયાનું પણ સન્માન કરાયું હતું.

બ્યુટીપાર્લરની સેવા આપનાર, મીતલબેન કરગથરા, નીમીબેન ગજજર, બિનલબેન વીસાવડીયાનું સન્માન કવિતાબેન છનિયારા, તેજલ કલોલીયા, અને જાગૃતિ પાટડીયાએ કર્યું હતું.

આ પ્રસંગે અરવિંદભાઇ ગંગાજળીયા, રમણીક પાટણવાડીયા, ધીરૂભાઇ અંબાસણા, મુકેશ પંચાસરા, પરેશ સુરેલીયા, રમેશભાઇ સોનીગ્રા, જીએચપીના હીરેન કલોલીયા, સહિતના ઉપસ્થિત રહ્યા હતા.






# ગુ.સુ. પ્રગતિ મંડળ દ્વારા સ્વાતંત્ર દિનની ઉજવણીની સાથે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન














શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, વડોદરા (જીવન ભારતી સ્કુલની બાજુમાં, કારેલીબાગ, વડોદરા) દ્વારા તા. ૧૫ ઓગષ્ટ,૨૦૨૬ ને શનિવારના રોજ ૩૨ મા શિષ્યવૃતિ એનાયત સમારોહનું તથા ૮૦ મા સ્વાતંત્ર્ય દીનની ઉજવણીનું શ્રી ગુર્જર સુતાર યુથ ફોરમ, વડોદરાના સહકાર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રીમાન ઘનશ્યામભાઈ એન. વણોદિયા (અમદાવાદ) તેમજ અતિથિ વિશેષ તરીકે શ્રીમાન ડો.કિશનભાઈ બદ્રકીયા (વડોદરા) ઉપસ્થિત રહ્યાં હતા.

સાથે જ દર વર્ષની જેમ બહારગામથી પણ ગુર્જર સુતાર જ્ઞાતિના આગેવાનો હાજર રહ્યાં હતા, જેમાં અમદાવાદ, વિદ્યાનગર, ડાકોર તેમજ જામખંભાળીયાનો સમાવેશ થાય છે.

કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાન, અતિથિ વિશેષ તેમજ શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, વડોદરાની કાર્યવાહક સમિતિના સભ્યોએ દિપ પ્રાગટ્ય દ્વારા કરી હતી, ત્યારબાદ ૮૦ મા સ્વાતંત્ર્ય દીન નિમિતે સંસ્થાની અગાસી પર જઈને મુખ્ય મહેમાનના હસ્તે ધ્વજવંદન તેમજ રાષ્ટ્રગીતનું ગાન ઉપસ્થિત વિદ્યાર્થીઓ તેમજ જ્ઞાતિબંધુ દ્વારા કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ, 'શ્રી લવજીભાઈ વેલજીભાઈ અડીએચા' હોલમાં મુખ્ય મહેમાન શ્રીમાન ઘનશ્યામભાઈ એન. વણોદિયાનું શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, વડોદરાના પ્રમુખ શ્રી મહેશભાઈ નાયકપુરા દ્વારા તેમજ અતિથિ વિશેષ તરીકે પધારેલા શ્રીમાન ડો.કિશનભાઈ બદ્રકીયાનું શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, વડોદરાના ઉપ પ્રમુખ શ્રી મુકેશભાઈ ઘોરેચા દ્વારા પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું તેમજ બહારગામથી પધારેલા બધા જ મહેમાનનું પણ અભિવાદન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષ દ્વારા વિદ્યાર્થીઓને પ્રવચન આપી ભવિષ્યની કારકિર્દી ઘડતર માટે ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી અને ત્યારબાદ ધોરણ-૧ થી ૧૨ તેમજ ઉચ્ચતર અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને રોકડ સ્વરૂપમાં શિષ્યવૃતિ તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન શ્રી વિશ્વકર્મા જયંતિ મહોત્સવ ૨૦૨૬ના મહાપ્રસાદના દાતાઓ (૧) શાંતિલાલ બાબુલાલ બદ્રકિયા, (૨) નવીનચંદ્ર લાલજીભાઈ વડગામા (૩) મુકેશભાઈ ઓધવજીભાઈ વડગામા (૪) નરોત્તમભાઈ ગીરધરભાઈ વડગામાનુ પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધનશ્યામભાઈ એન.વણોદિયા તેમજ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ ડો.કિશનભાઈ બદ્રકિયાને શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, વડોદરા દ્વારા સ્મૃતિચિન્હ






અર્પણ કરવામાં આવ્યું હતું.

નાનજીભાઈ મનસુખલાલ સાપાવાડિયા દ્વારા અન્ય વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિવ્યેશભાઈ દિનેશભાઈ પિલોજપરા તેમજ શ્રીમતી અર્પિતાબેન હર્ષિતભાઈ વિસરોલીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત રહેલા જ્ઞાતિજનો માટે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમૂહ ભોજન બાદ દેશ ભક્તિના ગીતનું આયોજન કરવામાં આવેલ હતું.

# ઈશ્વરીયા ગામમાં વડગામા પરિવાર દ્વારા માતાજીના મઢનું થયું નવસર્જન

## સુરાપુરાદાદાનું મંદિર નવું બનશે : ૧૫ મિનિટમાં ૧૩.૫૧ લાખનું અનુદાન જાહેર











રૂપાવટી ઈશ્વરીયા મુકામે જુનાગઢ જિલ્લાના વડગામા પરીવારના સહયોગથી માતાજીના મઢનુ જીર્ણોધાર (નવા મકાન) મઢમાં તારીખ ૨૦/૦૮/૨૦૨૬ ગુરૂવારે વાસ્તુ યજ્ઞ રાખેલુ ને આગલા દિવસે પરીવારના ફેમિલી મુંબઈ, સુરત, ભરૂચ, બરોડા, અમદાવાદ, જામનગર, રાજકોટ, જૂનાગઢ, તાલાલા, વિસાવદર આગળના દિવસે આવીને રાત્રે માતાજીના ગરબા ગાઇ આનંદ કર્યો. બીજે દિવસે વિધિવત્ પૂજા યજ્ઞ પુર્ણ કરીને માતાજીને મુળ સ્થાનક પર બીરાજમાન કરીને યજ્ઞનું બીડું હોમીને મહા પ્રસાદ બધાએ સાથે લઇને બહુજ આનંદ થયો ને મહા પ્રસાદના દાતાશ્રી રાજેશભાઈ શામજીભાઈ વડગામા, એસ. આર. એન્જિનિયરીંગ વાળા મોટી મોણપરી હાલ રાજકોટના તરફથી હતો . આ કાર્યક્રમ્ પુરેપુરૂ સંચાલન શ્રી સંજયભાઈ ધીરૂભાઇ વડગામા રાવણી હાલ રાજકોટ, સુરેશભાઈ નાનુભાઈ વડગામા ઈશ્વરીયા હાલ રાજકોટ, કમલેશભાઈ મનસુખભાઈ વડગામા ઈશ્વરીયા હાલ રાજકોટના એ સંભાળેલુ. આ પ્રસંગે ઉપસ્થિત ઈશ્વરીયા લેરીયા, મોટી મોણરી રાવણીના વડગામા પરિવારે બગસરા પાસે મોટા માંડવડા ખાતે આવેલ સુરાપુરા મંદિરનું નવસર્જન કરવાનો નિર્ણય થતાની સાથે અનુદાનનો વરસાદ વરસ્યો હતો. અને ફક્ત ૧૫ મિનિટમાં જ ૧૩.૫૧ લાખનું અનુદાન નોંધાયું હતું. દિવાળી બાદ આશરે ૨૦ લાખના ખર્ચે સુરાપુરા બાપાનું મંદિર બનાવવાનું કાર્ય હાથ ધરવામાં આવશે.

**અહેવાલ : જીતુભાઇ વડગામા (વિશ્વકર્મા ફર્નીચર)**

# કિચન તડકા : વિવિધ મિઠાઈઓ

શુભદા ભટ્ટી

## (૧) કેસર ડ્રાયફ્રૂટ કલાકંદ

**સામગ્રી :**

- પનીર – ૨૦૦ થી ૨૫૦ ગ્રામ
- કન્ડેન્સ મિલ્ક – ૧૦૦ ગ્રામ
- ખાંડ – જરૂર પ્રમાણે
- ઇલાચી પાવડર – ૧ ચમચી
- ઘી – જરૂર મુજબ
- કેસર દુધમાં પલાળેલ – ૧ મોટી ચમચી
- ડ્રાયફૂટ કટકા – ૩ થી ૪ ચમચી

**બનાવવાની રીત :**

સૌપ્રથમ એક પેનમાંથી લો. તેમાં ડ્રાયફ્રુટને રોસ્ટ કરવા. બીજા પેનમાં પનીર લો. તેમાં કન્ડેન્સ મિલ્ક એડ કરી મિશ્રણને સતત હલાવતા રહેવું. તેમાં કેસર એડ કરવું. પછી સતત હલાવીને મિશ્રણ ઘટ્ટ કરવું. જરૂર પડે તો ખાંડ ઉમેરવી અને ઇલાચી પાવડર એડ કરીને મિશ્ર કરી લેવું.

ગ્રીસ કરેલ થાળીમાં તૈયાર મિશ્રણને પાથરવું. અને ઉપરથી ડ્રાયફ્રુટ કટકા એડ કરીને રૂમ ટેમ્પ્રેચર પર ઠંડુ કરવા રાખી દેવું. અને પછી એના પીસ કરવા.

## (૨) બરફી ચુરમુ

**સામગ્રી :**

- ઘઉંનો જાડો લોટ – ૨ બાઉલ
- ખાંડ – ૧ બાઉલ
- ઘી – જરૂર મુજબ
- ખસખસ – જરૂર મુજબ
- તેલ – મોણ માટે તળવા માટે
- એલચી પાવડર – ૧ મોટી ચમચી

**બનાવવાની રીત :**

સૌપ્રથમ એક મોટા બાઉલમાં ઘઉંનો લોટ લો. તેમાં તેલનું મોણ ઉમેરીને હુંફાળા પાણીથી થોડો કડક લોટ બાંધવો.

હવે તેમાંથી જે રીતે ચુરમાના લાડુમાં મુઠીયા કરે એ રીતે મુઠીયા બનાવીને તેલમાં તળી લેવા.



પછી ઠંડા થાય એટલે મિક્ષરમાં ક્રશ કરી લેવા. એક પેનમાં ખાંડ લો તેમાં ખાંડ ડૂબે તેટલુ જ પાણી લઇને એક તારની ચાસણી બનાવવી. તેમાં તૈયાર કરેલ મુઠીયાના ભુકકાને એડ કરવો. તેમાં ઇલાચી પાવડર એડ કરીને મિશ્રણને ૨ થી ૩ મિનિટ માટે ગેસ પર મિક્સ કરવું. ઘીથી ગ્રીસ કરેલ થાળીમાં પાથરી દો. અને તેમાં ઉપરથી મુજબ ઘી અને ખસખસ એડ કરો. ઠરે પછી તેના પીસ કરવા.

નોંધ : અહીં ઘી બરફી ચુરમાને નરમ બનાવશે.

## (૩) ચોકલેટ બરફી

**સામગ્રી :**

- મિલ્ક પાવડર – ૪ કપ
- ખાંડ – ૧ કપ
- ઇલાચી પાવડર – ૧ મોટી ચમચી
- ચોકલેટ પાવડર – ૧૦૦ ગ્રામ
- ઘી – જરૂર મુજબ
- દુધ – ૧/૨ કપ

**બનાવવાની રીત :**

એક પેનમાં ૧ મોટી ચમચી ઘી લો. તેમાં મિલ્ક પાવડર, એડ કરો અને સાથે જ દુધ પણ એડ કરીને મિશ્રણ ઘટ્ટ થાય ત્યાં સુધી હલાવવું.

– તેમાં ખાંડ, ઇલાચી પાવડર એડ કરીને મિશ્રણને ઘટ્ટ બનાવવું.

મિશ્રણ ઘટ્ટ થઇ જાય એટલે અડધા મિશ્રણને એક બાઉલમાં કાઢી લો. બીજા મિશ્રણમાં ચોકલેટ પાવડર એડ કરીને મિક્સ કરવું. હવે ઘીથી ગ્રીસ કરેલ થાળીમાં પહેલા સફેદ મિશ્રણ પાથરવું પછી તેના પર ચોકલેટ મિશ્રણ પાથરીને થોડુ ઠંડુ થાય પછી તેના પીસ પાડવા.

## (૪) કોકોનટ પિસ્તા બરફી



**સામગ્રી :**

- કોકોનટ પાવડર – ૨ કપ
- ખાંડ – ૧ કપ
- ઇલાચી પાવડર – ૧ મોટી ચમચી
- દુધ – ૧ કપ
- ઘી – જરૂર મુજબ
- પિસ્તા પાવડર – ૫ થી ૬ ચમચી
- મિલ્ક પાવડર – ૩ થી ૪ ચમચી

**બનાવવાની રીત :**

સૌપ્રથમ એક પેનમાં ૧ ચમચી ઘી લો તેમાં કોકોનટ પાવડરને શેકો. હવે તેમાં દુધ અને ખાંડ ઉમેરી મિશ્રણને સતત હલાવતા રહેવું અને ત્યારે મિલ્ક પાવડર એડ કરવો. મિશ્રણને ઘટ્ટ કરવું. તેમાં ઇલાચી પાવડર એડ કરી મિશ્રણને મિક્ષ કરવું. હવે ઘીથી ગ્રીસ કરેલ થાળીમાં તૈયાર થયેલ મિશ્રણને પાથરવું અને મિશ્રણ ગરમ હોય ત્યારે તેની ઉપર પિસ્તા પાવડર ભભરાવો જેથી ગરમ મિશ્રણ પર ચોંટી જશે.

રૂમ ટેમ્પ્રેચર પર મિશ્રણ ઠંડુ થાય એટલે તેના પીસ પાડી દેવા.

## કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

# વિશ્વકર્મા વિશ્વ

## ઘર બેઠા લવાજમ ભરો, ઘેર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો




**લવાજમ ભરવા**

G Pay OR Paytm **કરો**

મો.૯૦૯૯૯ ૪૯૫૮૫ પર લવાજમ ભરી આજ નંબર પર
વોટસએપ પર એડ્રેસ મોકલી આજ નંબર પણ જાણ કરો...

---

**આપને ઘેર બેઠા વિશ્વકર્મા જયંતી અને દિપોત્સવી વિશેષાંક સાથે આખુ વર્ષ વિશ્વકર્મા વિશ્વ મળતુ રહેશે.**

**વિશ્વકર્મા વિશ્વ**

**વિશ્વકર્મા વિશ્વ વિનામુલ્યે વાંચવા અને રોજેરોજના સમાચાર મેળવવા આજે જ મોબાઈલ એપ ડાઉનલોડ કરો...**

**www.vishwakarmavishwa.com**


**વધુ માહિતી સંપર્ક : પ્રવીણ ગજજર - મો. ૯૦૯૯૯ ૪૯૫૮૫**

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

# વિશ્વકર્મા વિશ્વ

# દીપોત્સવી
## વિશેષાંક-૨૦૨૬
## (નવેમ્બર અંક)




વિશ્વકર્મા વિશ્વનો આગામી નવેમ્બરનો અંક **દીપોત્સવી વિશેષાંક** તરીકે નવેમ્બરના પ્રથમ અઠવાડિયામાં પ્રસિદ્ધ થશે. **દીપોત્સવી વિશેષાંક**માં પસંદગીના સ્થાન માટે

**આપની જાહેરાત આજે જ બુક કરાવો...**

**આપની જાહેરાત મોબાઈલ એપ અને ડીઝીટલ એડીશનમાં પણ પ્રસિદ્ધ થશે.**

**(જાહેરાત આપવાની છેલ્લી તારીખ ૨૦ ઓક્ટોબર-૨૦૨૬)**

Ramy Publication

૩૨૦, હિરાપન્ના, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૧.

સંપર્ક : પ્રવીણ ગજ્જર – મો. ૭૦૯૯૯ ૪૯૫૬૫ E-mail : vishwakarmavishwa@yahoo.com

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧